dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 226 | AD - 2026, Jeth Sud -08 | Saturday, Dt. 23-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ વચ્ચે વાટાઘાટો

# પાંચ વર્ષમાં પરસ્પર રોકાણને બમણું કરવા ભારત-સાયપ્રસનો સંકલ્પ

નવી દિલ્હી,તા.૨૨

ભારત અને સાયપ્રસ વચ્ચેના સંબંધોને એક નવી ઊંચાઈ આપવા માટે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સે શુક્રવારે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ વાટાઘાટો યોજી હતી. આ મહત્વપૂર્ણ બેઠકમાં ભારત તરફથી વિદેશ મંત્રી એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલ અને વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના પરસ્પર સહયોગને વધુ ગાઢ અને વ્યાપક બનાવવાનો હતો. બંને નેતાઓએ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે આ મુલાકાત બંને દેશોના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ વળાંક સાબિત થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મજબૂત શબ્દોમાં જણાવ્યું કે ભારત અને સાયપ્રસ વચ્ચેની મિત્રતા માત્ર સમયની કસોટી પર ખરી જ નથી ઉતરી, પરંતુ તે ભવિષ્યવાદી પણ છે. લોકશાહી, કાયદાનું શાસન, તમામ દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પ્રત્યેનો આદર એ આપણી ભાગીદારીનો મુખ્ય પાયો છે. આ વૈશ્વિક સિધ્ધાંતો પ્રત્યે ભારત પોતાની સંપૂર્ણ પ્રતિબધ્ધતા ધરાવે છે. આ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવાના હેતુથી બંને દેશોએ હવે સત્તાવાર રીતે પોતાની મિત્રતાને વ્યૂહાત્મક ભાગીદારીમાં



પરિવર્તિત કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે.છેલ્લા એક દાયકામાં સાયપ્રસથી ભારતમાં થતા આર્થિક રોકાણમાં નોંધપાત્ર વધારો થયો છે અને તે લગભગ બમણું થઈ ગયું છે. સાયપ્રસ હાલમાં ભારતના ટોચના ૧૦ રોકાણકારોમાં સ્થાન ધરાવે છે. ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરારના કારણે આ આર્થિક સંબંધોને એક નવો વેગ મળ્યો છે. બંને દેશોએ આગામી પાંચ વર્ષમાં આ પરસ્પર રોકાણને ફરીથી બમણું કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. આ આર્થિક ભાગીદારીને મજબૂત કરવા માટે બંને દેશોના નાણાકીય અને સેવા કેન્દ્રોને જોડવા માટે વિશેષ કરાર કરવામાં આવ્યા છે. આ કરારોના પરિણામે સાયપ્રસના માળખાગત સુવિધાઓ, ઉર્જા અને કૃષિ ક્ષેત્રોમાં ભારતીય કંપનીઓ માટે નવી તકો ઊભી થશે. સાથોસાથ ભારતના શિપિંગ અને દરિયાઈ ક્ષેત્રોમાં પણ રોકાણને પ્રોત્સાહન આપવામાં આવશે. ભારતના ગિફ્ટ સિટીને વૈશ્વિક નાણાકીય કેન્દ્ર તરીકે વિકસાવવા માટે અને બંને દેશોની સ્ટાર્ટઅપ તેમજ નવીનતા ઈકોસિસ્ટમને પરસ્પર સાંકળવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. સુરક્ષા અને લશ્કરી ક્ષેત્રે પણ બંને દેશો વચ્ચેનો સહયોગ સતત વિસ્તરી રહ્યો છે. સંયુક્ત લશ્કરી આદાનપ્રદાન અને તાલીમ કાર્યક્રમોને વેગ આપવાની સાથે સાયબર સુરક્ષા, દરિયાઈ સુરક્ષા અને આતંકવાદ વિરોધી પ્રવૃત્તિઓનો સામનો કરવા માટે મહત્વના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ઈન્ડો-પેસિફિક એટલે કે ભારત-પ્રશાંત મહાસાગર પહેલ અને ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર પર સાથે મળીને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. સાયપ્રસના વિકાસમાં ત્યાં વસતા ભારતીય વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓના યોગદાનની બંને નેતાઓએ પ્રશંસા કરી હતી.

# વિશ્વના સૌથી ગરમ શહેરામાં ભારતના ૨૨ સીટીનો સમાવેશ, તાપમાન ૪૫ ડિગ્રીને પાર પહોંચ્યુ

નવી દિલ્હી,તા.૨૨

દેશભરમાં હાલ કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે અને આગામી ત્રણ દિવસ સુધી આ સ્થિતિમાંથી કોઈ રાહત મળે તેવી શક્યતા દેખાતી નથી. AQI વેધરના અહેવાલ મુજબ, શુક્રવારે બપોરે ત્રણ વાગ્યે વિશ્વના સૌથી ગરમ ૨૨ શહેરોમાં તાપમાનનો પારો ૪૭ ડિગ્રી સેલ્સિયસ કરતાં વધુ નોંધાયો હતો, અને આ તમામ શહેરો માત્ર ભારતમાં જ આવેલા છે. આ ૨૨ શહેરો પૈકી ૧૩ શહેરો એકલા ઉત્તર પ્રદેશમાં છે, જ્યારે ઓડિશાનું બોલાંગીર અને



બિહારનું સાસારામ સૌથી ગરમ સ્થળો તરીકે નોંધાયા છે. આ વર્ષે સૌથી ચિંતાજનક બાબત એ છે કે અસહ્ય દિવસ બાદ રાત્રિના સમયે પણ ગરમીથી કોઈ રાહત મળી રહી નથી. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુરુવારે દેશના આશરે પાંત્રીસ શહેરોમાં રાતનું તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ રહ્યું હતું, જેમાં રાજસ્થાનના હનુમાનગઢમાં સૌથી વધુ ૩૩.૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ગરમીની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશમાં આગામી ત્રણ દિવસ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બિહારના પટના અને ગયામાં બાવીસથી છવ્વીસ મે સુધી ધોરણ પાંચ સુધીની શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. વળી, બિહારના જમુઈ અને ગયાજીની શાળાઓમાં ગરમીના કારણે વિદ્યાર્થીઓની તબિયત લથડવાના અને તેઓ બેભાન થવાના કિસ્સા પણ સામે આવ્યા છે. બીજી તરફ, રાજ્યના મધેપુરા અને સહરસામાં ગુરુવારે વરસાદ પડ્યો હતો, પરંતુ કમનસીબે વીજળી પડવાને કારણે ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

# માઉન્ટ એવરેસ્ટ પર તિરંગો લહેરાવ્યા બાદ ભારતના બે પર્વતારોહકના મોત

નવી દિલ્હી,તા.૨૨

વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ પર ભારતનો તિરંગો લહેરાવ્યા બાદ, નીચે ઉતરતી વખતે ભારતના બે પર્વતારોહકોના કરુણ મોત નીપજ્યા છે. નેપાળના તંત્રએ શુક્રવારે આ ગંભીર દુર્ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરી છે. મૃતક પર્વતારોહકોની ઓળખ અરુણ કુમાર તિવારી અને સંદીપ આરે તરીકે થઈ છે. બંને સાહસિકોએ દુનિયાના સૌથી ઊંચા શિખર પર પહોંચવાનું પોતાનું સપનું તો પૂરું કર્યું, પરંતુ કમનસીબે 'ડેથ ઝોન' ગણાતા જોખમી વિસ્તારમાં



અતિશય થાક અને ઓક્સિજનની ભારે કમીના કારણે તેઓ સુરક્ષિત રીતે નીચે ઉતરી શક્યા નહીં અને રસ્તામાં જ તેમનો શ્વાસ ખૂટી ગયો હતો. એક્સપિડિશન ઓપરેટર્સ એસોસિએશન ઓફ નેપાળના જનરલ સેક્રેટરી ઋષિ ભંડારીના જણાવ્યા અનુસાર, સંદીપ આરેએ બુધવારે એવરેસ્ટ સર કર્યું હતું, જ્યારે અરુણ કુમાર તિવારી ગુરુવારે સાંજે આશરે સાડા પાંચ વાગ્યે એવરેસ્ટની ટોચે પહોંચ્યા હતા. શિખર સર કર્યા બાદ બંને જ્યારે પોતાની પરતની મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમણે જીવ ગુમાવ્યો હતો. ગુરુવારે રિટર્ન જર્ની દરમિયાન સંદીપ આરે અત્યંત અશક્ત થઈ ગયા હતા. અનુભવી શેરપા ગાઈડ્સે રાતોરાત મોટું ઓપરેશન ચલાવીને તેમને એવરેસ્ટના પ્રખ્યાત 'બાલકની એરિયા'થી નીચે 'સાઉથ કોલ' સુધી લાવીને જીવ બચાવવાનો ભારે પ્રયાસ કર્યો હતો, પરંતુ સમયસર યોગ્ય સારવાર ન મળતા તેમણે દમ તોડી દીધો હતો. બીજી તરફ, અરુણ તિવારી પણ બે અનુભવી શેરપાઓ સાથે નીચે ઉતરી રહ્યા હતા ત્યારે 'હિલેરી સ્ટેપ' નજીક ભારે થાકનો ભોગ બન્યા હતા.

### નામાંકન પ્રક્રિયા ૨ જૂનથી શરૂ થશે, ૧૮ જૂને મતદાન યોજાશે

# રાજ્યસભાની ૨૪ બેઠકો માટે ચૂંટણી યોજવાની જાહેરાત

**ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૧૧ જૂન**

નવી દિલ્હી,તા.૨૨

ભારતના ચૂંટણી પંચે રાજ્યસભાની ૨૪ બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણી યોજવાની સત્તાવાર જાહેરાત કરી છે. દસ રાજ્યોમાંથી ચૂંટાયેલા સભ્યોનો કાર્યકાળ જૂન અને



જુલાઈ ૨૦૨૬ દરમિયાન પૂર્ણ થવાનો હોવાથી આ ચૂંટણી યોજાઈ રહી છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ૧૮ જૂન ૨૦૨૬ના રોજ મતદાન થશે. નામાંકન પ્રક્રિયા ૨ જૂનથી શરૂ થશે જ્યારે ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ ૮ જૂન રાખવામાં આવી છે. નામાંકનની ચકાસણી ૯ જૂને થશે અને ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ ૧૧ જૂન નક્કી કરવામાં આવી છે. મતદાન સવારે ૯ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી ચાલશે અને એ જ દિવસે સાંજે મતગણતરી હાથ ધરાશે. ગુજરાત, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ, મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને મિઝોરમ સહિતના રાજ્યોમાં આ ચૂંટણી યોજાશે.

ગુજરાતમાંથી નિવૃત્ત થનારા સભ્યોમાં રામભાઈ મોકરિયા, નરહરિ અમીન, શક્તિસિંહ ગોહિલ અને રમીલા બારા સામેલ છે. બીજી તરફ મહારાષ્ટ્ર અને તમિલનાડુની બે ખાલી બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત પણ કરવામાં આવી છે. આ બંને બેઠકો માટે પણ ૧૮ જૂનના રોજ મતદાન યોજાશે.

# બકરી ઈદ પર ગાયની બલી પર પ્રતિબંધ: કોલકાત્તા હાઈકોર્ટ


કોલકાત્તા,તા.૨૨

કલકત્તા હાઈકોર્ટે બકરીદ પહેલા પશ્ચિમ બંગાળ સરકારની પશુવધ સંબંધિત ગાઈડલાઈન પર રોક લગાવવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે ગુરુવારે કહ્યું કે જરૂરી ફિટનેસ સર્ટિફિકેટ વિના ગાય, ભેંસ, બળદ કે વાછરડાનો વધ કરી શકાશે નહીં. ચીફ જસ્ટિસ સુજય પોલ અને જસ્ટિસ પાર્થ સારથીની બેન્ચે કહ્યું કે ખુલ્લા સાર્વજનિક સ્થળોએ કોઈપણ પશુનો વધ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. કોર્ટે સુપ્રીમ કોર્ટના જૂના નિર્ણયનો હવાલો આપતા કહ્યું કે ઈદ-ઉલ-જુહામાં ગાયની કુરબાની ઈસ્લામનો અનિવાર્ય ભાગ નથી. પૂર્વ તૃણમૂલ નેતા અને ધારાસભ્ય હુમાયુ કબીરે ગાઈડલાઈનનો વિરોધ કરતા ઈદ પર કોઈપણ ભોગે કુરબાનીની ધમકી આપી છે. આના પર ભાજપે કહ્યું કે કોઈપણ સંજોગોમાં ગેરકાયદેસર કતલખાના ચાલવા દેવામાં આવશે નહીં.









# અમરેલીમાં રાત્રિના નિયત પ્લેટફોર્મ પર એસ.ટી. બસ ઊભી ન રહેતી હોવાની રાવ

**વિભાગીય નિયામક સહિતના અધિકારીઓને રજૂઆત કરવા છતાં કર્મચારીઓને છાવરવાના પ્રયાસો**

અમરેલી,તા.૨૨

અમરેલી બસ સ્ટેશનમાં રાત્રિના ૯ કલાકે કન્ટ્રોલ પોઈન્ટ બંધ થઈ ગયા બાદ રાત્રિના ૧૨ કલાક પછી આવતી બસોના ડ્રાઈવરોને જાણે રેઢું પડ મળી ગયું છે. એસ.ટી. તંત્રના જવાબદાર અધિકારીઓની અત્યંત ઢીલી નીતિને કારણે એસ.ટી.ના ડ્રાઈવરો નિયત પ્લેટફોર્મ પર બસ ઊભી રાખવાને બદલે રાત્રિના સમયે મન પડે ત્યાં બસ ઊભી રાખી દે છે. આ લાપરવાહીના કારણે બસ પકડવા માટે મુસાફરોમાં ભારે દોડધામ મચી જાય છે. આ ગંભીર બાબતે વિભાગીય નિયામક સહિતના ઉચ્ચ અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવા છતાં, તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. ઉલટાનું, નિયમોનું ઉલ્લંઘન કરતા આવા બેજવાબદાર ડ્રાઈવરોને છાવરીને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવતું હોવાથી સ્થાનિક અને બહારગામના મુસાફરોમાં ભારે આક્રોશ ફેલાયો છે. અમરેલી જિલ્લા કક્ષાનો મુખ્ય એસ.ટી. ડેપો હોવાથી અહીં રાત્રિના સમયે પણ મુસાફરોની ભારે ભીડ જોવા મળે



તસવીર : મયુર પંડયા

છે. આમ છતાં, આટલા મહત્વના ડેપો પર રાત્રિના ૯ કલાકે જ કન્ટ્રોલ પોઈન્ટ બંધ કરી દેવામાં આવે છે. કન્ટ્રોલ પોઈન્ટ બંધ થઈ ગયા બાદ એસ.ટી. ડ્રાઈવરો પરથી વહીવટી અંકુશ સંપૂર્ણપણે હટી જાય છે અને તેમને મોકળું મેદાન મળી જાય છે. રાત્રિના ૧૨ કલાક પછી આવતી મોટાભાગની એક્સપ્રેસ બસના ડ્રાઈવરો પ્લેટફોર્મની શિસ્ત જાળવવાને બદલે મનફાવે ત્યાં બસ ઊભી રાખતા હોવાથી, અંધારામાં બસ શોધવા માટે અને બસ ક્યાંક ચૂકી ન જવાય તેવા ડરથી મુસાફરોમાં અફરાતફરી મચી જાય છે.આ સમસ્યા બાબતે જાગૃત નાગરિકો દ્વારા વિભાગીય નિયામક, ડીટીઓ, ડીએમઈ અને ડેપો મેનેજર સહિતના તમામ નાના-મોટા અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું છે. તેમ છતાં, આ અધિકારીઓ દ્વારા જનતાના અને મુસાફરોના હિતમાં કોઈ કડક નિર્ણય લેવાને બદલે પોતાના જ કર્મચારીઓને છાવરવાના પૂરતા પ્રયાસો કરવામાં આવે છે. તંત્રની આવી લોકવિરોધી નીતિને કારણે સામાન્ય જનતામાં વહીવટી શિસ્ત સામે ગંભીર સવાલો ઊભા થયા છે અને લોકોમાં ભારોભાર રોષ વ્યાપી ગયો છે. મુસાફરોએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, જે નિર્ધારિત પ્લેટફોર્મ પર બસ આવવાની હોય ત્યાં બસ ક્યારેય આવતી જ નથી. બસ ડેપોના અન્ય કોઈ ખૂણે અથવા રસ્તા પર જ ઊભી રહી જતી હોવાથી, અમારે નાના બાળકો અને સામાન સાથે વારંવાર બસ તપાસવા માટે અહીંથી તહીં દોડધામ કરવી પડે છે. આ જટિલ સમસ્યા છેલ્લા ઘણા સમયથી સતત ચાલી રહી છે, પરંતુ એસ.ટી. પ્રશાસનના અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી. મુસાફરોએ હવે આખરી ચેતવણી આપતા ચિમકી ઉચ્ચારી છે કે, જો ડ્રાઈવરોને નિયત પ્લેટફોર્મ પર જ ફરજિયાત બસ ઊભી રાખવા માટે વહેલી તકે કડક લેખિત સૂચનાઓ આપવામાં નહીં આવે, તો ઉચ્ચ કક્ષાએ ઉગ્ર રજૂઆત કરવામાં આવશે.

# ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના પ્રયત્નોથી વડીયામાં લો-વોલ્ટેજની સમસ્યાનો અંત

અમરેલી,તા.૨૨

વડિયા શહેરના સુરગપરા વિસ્તારની પટેલ લાઈનમાં છેલ્લા ઘણા વર્ષોથી સ્થાનિક રહીશો લો-વોલ્ટેજની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. આના કારણે ટીવી, ફ્રિજ અને પાણીની મોટર જેવા વીજ ઉપકરણો ન ચાલતા હોવાથી લોકો ભારે હાલાકી ભોગવતા હતા. અગાઉની રજૂઆતો નિષ્ફળ જતાં લોકો હતાશ થયા હતા. તાજેતરમાં સ્થાનિક આગેવાનો વિક્રમભાઈ પટેલ અને પ્રતીકભાઈ હરખાણીએ તાલુકા પંચાયતના સભ્ય તુષારભાઈ ગણાત્રાનું ધ્યાન દોર્યું હતું. તેમણે આ પ્રશ્ન રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયા સમક્ષ રજૂ કર્યો હતો. રાજય ઉર્જામંત્રીની કડક




સૂચનાથી વીજ કંપનીએ યુધ્ધના ધોરણે કામગીરી કરીને નવું ટીસી મંજૂર કરી ઊભું કરી દીધું છે. આ નવું ટીસી કાર્યરત થતાં જ લો-વોલ્ટેજની સમસ્યાનું નિરાકરણ આવ્યું છે અને પૂરતા પ્રેશરથી વીજ પુરવઠો શરૂ થયો છે. આ કાયમી ઉકેલ બદલ રહીશોએ રાજયમંત્રી કૌશિક વેકરીયા અને તાલુકા સભ્ય અને આગેવાનોનો આભાર માન્યો હતો.

# ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયત્નોથી બાબરાના પીરખીજડીયામાં સી.સી. રોડ માટે રૂ. ૬૫ લાખ મંજૂર

બાબરા,તા.૨૨

બાબરા તાલુકાના પીરખીજડીયા ગામના પ્રજાજનો લાંબા સમયથી આંતરિક માર્ગ સુવિધાની માગણી કરી રહ્યા હતા. આથી રાજ્ય સરકાર દ્વારા રૂ. ૬૫ લાખના ખર્ચે સુવિધાપથ (સી.સી. રોડ) મંજૂર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાએ સતત રજૂઆત અને પ્રયત્નો કર્યા હતા. પીરખીજડીયાના નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન કાચા તથા જર્જરિત રસ્તાઓ કારણે



રોજિંદી આવાગમન, શાળા-કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખી જનક તળાવીયાએ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી. હવે આ માર્ગ બનવાથી ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે.

# અમરેલી તાલુકાની વિવિધ પ્રા.શાળાઓમાં સંચાલક-કમ-કુકરસોયા માટે ભરતીની જાહેરાત

અમરેલી,તા.૨૨

અમરેલી તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન કેન્દ્ર માટે સંચાલક-કમ-કુક, રસોયા અને મદદનીશની ખાલી જગ્યાઓ ભરવા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી છે. નાના ગોખરવાળા, મોટા માચીયાળા, મેડી, માલવણ અને રીકડીયા જેવી શાળાઓમાં સંચાલક-કમ-કુકની જરૂરિયાત છે. જ્યારે બહારપરા કુમાર શાળા, કે.કે. પારેખ, કાઠમા, ચાંદગઢ, ચક્કરગઢ, તરવડા, પાણીયા, ફતેપુર, મોટા માંડવડા, લાપાળીયા અને શેડુભાર-પ્લોટ શાળામાં રસોયાની જગ્યાઓ ખાલી છે. આ ઉપરાંત ગુરૂકૃપા-૩, દેવભૂમિ દેવળીયા, લાલાવદર અને વરસડા પ્રાથમિક શાળાઓમાં મદદનીશની આવશ્યકતા છે. સંચાલક-કમ-કુક પદ માટે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછી ધોરણ ૧૦ પાસ હોવી જોઈએ તેમજ વયમર્યાદા ૨૦ થી ૬૦ વર્ષની વચ્ચે હોવી અનિવાર્ય છે. લાયકાત ધરાવતા રસ ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનાનું અરજી પત્રક મામલતદાર કચેરી, જિલ્લા સેવાસદન, ગ્રાઉન્ડ ફ્લોર, રાજમહેલ કેમ્પસ, અમરેલી ખાતેથી મેળવવાનું રહેશે.

# અમરેલીના માળીલા ગામે વાડીમાં સાઠીઓના ભુક્કામાં આગ

**ફાયર વિભાગે પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી**

અમરેલી,તા.૨૨

બુધવારના રોજ સાંજે ૧૯:૧૦ કલાકે અમરેલી ફાયર કંટ્રોલરૂમને એક ટેલિફોનિક માહિતી મળી હતી કે અમરેલી તાલુકાના માળીલા ગામમાં આવેલા મનુભાઈ કામળિયાની વાડીમાં રાખેલા સાઠીઓના ભુક્કામાં અચાનક ભીષણ



આગ લાગી છે.

આ ઘટનાની જાણ થતાં જ ફાયર ઓફિસર એચ. સી. ગઢવીની આગેવાની હેઠળ ફાયર વિભાગનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. આગની ગંભીરતા અને ઉગ્રતાને જોતા તાકીદે વધુ બે ફાયર ફાઈટર વાહનો ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા. ફાયર સ્ટાફે સતત ત્રણ કલાક સુધી પાણીનો ભારે મારો ચલાવીને મહામહેનતે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ભયાનક દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ કે નુકશાન થવા પામેલ નથી જેથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.આ સફળ કામગીરીમાં અમરેલીના ફાયર ફાયર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી આગને કાબુમાં લીધી હતી.

# ડીઝલ અને ખાતરની અછત સામે અમરેલી કિસાન સંઘનુ આવેદનપત્ર

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં ચોમાસાની સિઝન નજીક આવતા જ ખેડૂતોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. ખેતીકામ માટે અત્યંત જરૂરી એવા ડીઝલ અને રાસાયણિક ખાતરોની તીવ્ર અછતને પગલે આજે 'ભારતીય કિસાન સંઘ' અમરેલી જિલ્લા શાખાના પ્રમુખ સામતભાઈ એસ. જેબલિયાની આગેવાનીમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરવામાં આવી છે.આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે સરકારી પરિપત્ર મુજબ ખેડૂતોને ૨૦૦ લીટર ડીઝલ આપવાની જોગવાઈ હોવા છતાં, વાસ્તવિકતામાં પેટ્રોલ પંપો પર ખેડૂતોને ૨૦



લીટર ડીઝલ પણ મળતું નથી. આ ગંભીર પરિસ્થિતિને કારણે ખેડૂતોને દર પાંચ દિવસે પૂરતા પ્રમાણમાં ડીઝલ મળી રહે તેવી નક્કર વ્યવસ્થા ગોઠવવા માંગ કરાઈ છે. આ ઉપરાંત, જિલ્લામાં ડી.એ.પી. અને યુરિયા જેવા રાસાયણિક ખાતરોની ભારે અછત પ્રવર્તી રહી છે અને તેમાં થયેલો અસહ્ય ભાવવધારો તાત્કાલિક પાછો ખેંચવા વિનંતી કરાઈ છે.આ આવેદનપત્રમાં તંત્ર સામે એક મોટો આક્ષેપ પણ કરાયો છે કે હાલ બજારમાં કોઈપણ જાતના બિલ વગરના નકલી બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે, જેનાથી ખેડૂતો છેતરાઈ રહ્યા છે. કિસાન સંઘે વહીવટી તંત્રને આ બાબતે કડક તપાસ હાથ ધરીને કાયદાકીય અમલવારી કરવા તેમજ ખેડૂતોને ન્યાય અપાવવા ઉગ્ર અપીલ કરી છે.

**બિલ વગરના નકલી બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓના ખુલ્લેઆમ વેચાણ સામે તંત્ર મૌન**





Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com


## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૫૩/૨૦૨૬ તા.૦૮/૦૫/૨૦૨૬

શ્રી હબીબભાઈ વલીભાઈ પરમાર
રહે. ગઢડા, ઠે. હરીપર રોડ, કોઠીવાડી, તા. ગઢડા, જી. બોટાદ
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
મોણીયા, તા.વિસાવદર .........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી હબીબભાઈ વલીભાઈ પરમાર રહે. ગઢડા, જી. બોટાદ એ તેમની પુત્રી ફરીદા હબીબ પરમારનો જન્મ તા.૧૭/૦૫/૧૯૮૧ ના રોજ વિસાવદર તાલુકાના મોણીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોણીયા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોણીયા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૮ મી મે ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહી.
(એન.એ.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર


|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

### એસ.ટી.નો ડીઝલ પંપ ૨૦૦ મીટરના અંતરે જ હોવાથી દુર્ઘટના સહેજમાં ટળી

# બગસરામાં કોન્ટ્રાક્ટરની બેદરકારીથી વર્કશોપ નજીક વિકરાળ આગ ફાટી નીકળી

બગસરા,તા.૨૨

બગસરા એસટી ડેપોમાં આશરે ૪.૫ કરોડના ખર્ચે વર્કશોપનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, જેનો કોન્ટ્રાક્ટ જૂનાગઢની અખિલ એન્ટરપ્રાઈઝને અપાયો છે.

ડેપો મેનેજર અને સ્થાનિકોની વારંવારની મનાઈ છતાં, કોન્ટ્રાક્ટરના માણસોએ કપાયેલાં વૃક્ષોને આગ લગાડી હતી. આ અણસમજ અને ઘોર બેદરકારીને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આશરે ૧૫ થી ૨૦ ફૂટ ઊંચી ઊઠેલી જ્વાળાઓને લીધે આજુબાજુના વિસ્તારોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાસ્થળથી માત્ર



તસવીર :હાર્દિક બામટા

૨૦૦ મીટરના અંતરે જ ડીઝલ પંપ હોવાથી મોટી દુર્ઘટનાનો ભય હતો. સદનસીબે, બગસરા અને અમરેલી નગરપાલિકાના ફાયર ફાઈટરોએ સ્થાનિક લોકોના સહયોગથી બે કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, જેથી મોટી જાનહાનિ ટળી હતી. હાલમાં, પોતાની મનમાની ચલાવી લોકોના જીવ જોખમમાં મૂકનાર આવા બેદરકાર કોન્ટ્રાક્ટર સામે કડક કાનૂની કાર્યવાહી કરી તેને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

### બગસરા, અમરેલી ફાયર વિભાગે મહામુસીબતે બે કલાકે આગને કાબુમાં લીધી

# બગસરાના ડેરી પીપરીયા ગામે ઘરકંકાસમાં પરપ્રાંતિય યુવકનો કૂવામાં પડી આપઘાત

### પોલીસે મૃતદેહને ભાવનગર પોસ્ટમાર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી

અમરેલી,તા.૨૨

બગસરાના ડેરી પીપરીયા ગામે ગઈ કાલે એક કરુણ ઘટના સામે આવી હતી. વાડી વિસ્તારમાં રહેતા અને મૂળ મધ્યપ્રદેશના બડવાની જિલ્લાના ટેમલા ગામના વતની જીગરભાઈ બાલસીંગભાઈ જાદવ (ઉ.વ.૩૨) હાલ માવજીંજવા ગામે બાવાભાઈ અરજણભાઈ ઠુમ્મરની વાડીએ મજૂરી કામ કરતા હતા. બુધવારે સવારે અગિયાર વાગ્યાની આસપાસ જીગરભાઈને તેમના પત્ની ઉષાબેન સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી. આ બાબત મનમાં લાગી આવતા જીગરભાઈએ નજીકમાં આવેલી વાડીના કુવામાં પડતું મૂક્યું હતું. કુવામાં પડવાથી તેમના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને પાણીમાં ડૂબી જવાથી તેમનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભાવનગર ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સા.કુંડલા રેન્જમાં ગેરકાયદે લાકડા ભરેલો ટ્રક ઝડપાયો

અમરેલી,તા.૨૨

સાવરકુંડલા રેંજના મીતીયાળા રાઉન્ડ વિસ્તારમાં વન વિભાગે ગેરકાયદેસર લાકડાની હેરફેર સામે લાલ આંખ કરી છે. થોરડી રેવન્યુ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન વન વિભાગની ટીમે શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા એક ટ્રકને અટકાવ્યો હતો. આ



ટ્રકની તપાસ કરતાં તેમાંથી મોટા પ્રમાણમાં લાકડાનો જથ્થો મળી આવ્યો હતો. વન અધિકારીઓએ ટ્રક ચાલક પાસે લાકડાની કાયદેસરની વાહતુક માટે જરૂરી પરવાનગી તથા દસ્તાવેજોની માંગણી કરી હતી, પરંતુ ચાલક કોઈ પણ માન્ય દસ્તાવેજ રજૂ કરી શક્યો ન હતો. આથી વન વિભાગે તાત્કાલિક ધોરણે ટ્રક કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ સમગ્ર મામલે વન વિભાગે કડક વલણ અપનાવીને ટ્રક માલિક પાસેથી ૨૦ હજાર રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે.

# અમરેલીના નવનિયુકત પાલિકા પ્રમુખે સફાઈ કામગીરીનું નિરીક્ષણ કર્યુ

અમરેલી,તા.૨૨

અમરેલી નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયાએ પોતાનો કાર્યભાર સંભાળતાની સાથે જ શહેરની સફાઈ વ્યવસ્થાને સુધારવા માટે કમર કસી લીધી છે. તેમણે કોઈ પણ પૂર્વ સૂચના આપ્યા વગર વહેલી સવારે જાતે બાઈક સવાર બનીને સમગ્ર



શહેરમાં સફાઈ કામગીરીનું આકસ્મિક નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન પ્રમુખે શહેરના મુખ્ય જાહેર માર્ગો તેમજ વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાત લઈને કચરાના નિકાલની વાસ્તવિક સ્થિતિ ચકાસી હતી. તેમણે સફાઈ કામદારોને નિયમિત અને યોગ્ય કામગીરી કરવા માટે જરૂરી કડક સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત, તેમણે વહેલી સવારે દુકાનો ખોલતા વેપારીઓ અને સ્થાનિક નાગરિકો સાથે રૂબરૂ મુલાકાત કરીને સ્વચ્છતા અંગે તેમના મૂલ્યવાન પ્રતિસાદ અને સૂચનો મેળવ્યા હતા.

# રાજુલા પંથકના મુસાફરોને બે નવી બસની સુવિધા મળતા આનંદ

રાજુલા,તા.૨૨

ભાવનગર ડેપો દ્વારા શરૂ કરાયેલી ભાવનગર-તાલાલા બસ દરરોજ બપોરે ૪:૩૦ કલાકે રાજુલાથી ઉપડીને તાલાલા પહોંચશે. આ બસ સવારે ૫:૪૫ કલાકે તાલાલાથી ઉપડીને આંકોલવાડી, જામવાળા અને ઉના થઈ રાજુલા આવશે. આ રૂટ પર અત્યાર સુધી સીધી બસ સુવિધા ન હોવાથી સ્થાનિકોને પડતી મુશ્કેલીઓનો હવે અંત આવશે, જે અપ-ડાઉન કરતા લોકો માટે આશીર્વાદરૂપ બનશે. બીજી તરફ, રાજપીપળા ડેપોને કરાયેલી રજૂઆત સફળ થઈ છે. રાજુલા-રાજપીપળા નવી બસ બપોરે ૧૨:૪૫ કલાકે રાજુલાથી ઉપડી મહુવા, ભાવનગર, તારાપુર ચોકડી, બોરસદ અને ડભોઈ થઈને રાજપીપળા પહોંચશે. આ નવીન સેવાથી સૌરાષ્ટ્રને મધ્ય ગુજરાત અને આદિવાસી પટ્ટા સાથે સીધું તેમજ સરળ જોડાણ મળ્યું છે.

# આઈ.ટી.આઈ. અમરેલી ખાતે સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૨

કવેસ્ટ અલાઈન્સ NGO દ્વારા આઈ.ટી.આઈ.માં તાલીમ લેતા તાલીમાર્થીઓમાં એમ્પ્લોયબિલિટી સ્કિલ્સ, સોફ્ટ સ્કિલ્સ અને ઉદ્યોગસાહસિકતાના ગુણો વિકસે તે હેતુથી લર્નિંગ રેકગ્નિશન ઈવેન્ટ અંતર્ગત એક વિશેષ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા અમરેલી જિલ્લાની તમામ આઈ.ટી.આઈ.ના વિજેતા તાલીમાર્થીઓને પુરસ્કૃત કરવા માટે નોડલ આઈ.ટી.આઈ. અમરેલી ખાતે ગત તા. ૧૯ને મંગળવારના રોજ એક ભવ્ય સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.આ ગૌરવશાળી પ્રસંગે વિવિધ સંસ્થાઓના વડાઓ અને અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત વિજેતા જાહેર થયેલા કુલ ૨૪ પ્રતિભાવંત તાલીમાર્થીઓને સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ટી. એમ. ભટ્ટ, આઈ.ટી.આઈ. લીલીયાના પ્રિન્સિપાલ કુ. વી. ડી. પરીખ, આઈ.ટી.આઈ. જાફરાબાદના પ્રિન્સિપાલ પરમાર તેમજ ક્વેસ્ટ અલાઈન્સ સંસ્થાના ઉચ્ચ અધિકારીશ્રીઓએ પોતાના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરીને પ્રોત્સાહિત કર્યા હતા. આ સાથે જ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તમામ તાલીમાર્થીઓને ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી અંગેનું ખૂબ જ ઉપયોગી અને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.















### દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર શ્રી રાકેશભાઈ રમેશભાઈ દેવાણી એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે આ જાહેર નોટીસ આપી જણાવું છુ.

અમરેલી ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો:-ધારી, મોજે:-જુના ચરખા ના ખેડ ખાતા નં.૨૫૭જેના રે. સર્વે નં.૧૦૭ પૈકી ૧ ના કુલ હે. આરે. ક્ષેત્રફળ :-૧-૮૦-૦૯ ચો.મી. જે જુની શરતની જમીન અમોના અસીલ ખરીદવા માંગે છે જે ખેતીની બિનપીયત જમીન સદરહુ જમીન ના માલીક, કબજેદાર અને ધારણકર્તા (૧) વિજયભાઈ હિમંતભાઈ રામોલીયા, ના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલક્ત ના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકત અમોના અસીલ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલક્ત અમોને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકત મા જો કોઈ નો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગરતો તબદીલી અંગે ના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચે ના સરનામે દિન-૧૦ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યક્તિ કે સંસ્થા ના કોઈ પણ પ્રકાર નો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાંની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ની કોઈ પણ જાત ની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુ:-અમરેલી
જનસેવા પાસે, સિવિલ રોડ,
રામ કૃષ્ણ ડોક્યુમેન્ટ એન્ડ નોટરી
અમરેલી-૩૬૫૬૦૧

સહી
લી.આપનો વિશ્વાસુ
રાકેશભાઈ રમેશભાઈ દેવાણી

### //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૦૨/૨૦૨૬

અરજદાર :- શ્રી પ્રફુલભાઈ ધીરૂભાઈ વઘાસીયા
રહે.મેડી, તા.જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.મેડી, તા.જી. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મેડી ગામમાં અરજદાર શ્રી પ્રફુલભાઈ ધીરૂભાઈ વઘાસીયા તેઓના ભત્રીજી વિલાસબેન કાંતિભાઈ વઘાસીયાની જન્મ (તા.૧૦/૦૩/૧૯૮૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### //એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૦૭/૨૦૨૬

અરજદાર :- શ્રી જયસુખભાઈ પોપટભાઈ શિરોયા
રહે.મેડી, તા.જી. અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.મેડી, તા.જી. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મેડી ગામમાં અરજદાર શ્રી જયસુખભાઈ પોપટભાઈ શિરોયા તેઓના નાના ભાઈ રસિકલાલ ચુનિલાલ બાબરીયાની જન્મ (તા.૨૬/૦૬/૧૯૭૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### -//શ્રીએમ.ડી.ભાલોડી, એકઝીકયુટીવમેજીસ્ટ્રેટઅનેમામલતદાર, ખાંભા, ખાંભાનીકોર્ટ//-

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.-૬૯/૨૦૨૬ — તા. ૧૬/૦૫/૨૦૨૬

અરજદાર :- વરિયા નટવરભાઈ હરીભાઈ,
રહે.લાસા, તા.ખાંભા, જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
અને
તલાટી કમ મંત્રી શ્રી, લાસા, તા.ખાંભા

- નોટીસ -

જન્મ મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસથી આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી વરિયા નટવરભાઈ હરીભાઈના બહેન ગીતાબેન હરીભાઈ વરિયાનો જન્મ તા.૦૧-૦૪-૧૯૭૬ના રોજ લાસા મુકામે થયેલ. પરંતુ જે-તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના જન્મની નોંધ જન્મ મરણ નોંધણી રજિસ્ટ્રારશ્રીના રેકોર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ અંગે હુકમ થવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને ખાંભાની કચેરી, ખાંભાની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ ૧૬/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
(એમ.ડી.ભાલોડી)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ખાંભા તાલુકા

# અમરેલીમાં યુવક પર તલવાર વડે જીવલેણ હુમલો



અમરેલી, તા.૨૨

અમરેલીમાં પ્રેમ સંબંધની શંકા રાખીને એક યુવક પર ચાલુ એક્ટિવા પર તલવાર વડે હુમલો કરી નાકના ભાગે ગંભીર ઘા ઝીંકવામાં આવ્યો હતો, તેમજ તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ બનાવ અંગે સિરાજભાઈ જમાલભાઈ ચાવડા (ઉં.વ. ૪૦) એ સોહિલ ઉર્ફે સચી ઈબ્રાહીમભાઈ રાઠોડ, સલીમ ઈબ્રાહીમભાઈ રાઠોડ, સિરાજ ઈબ્રાહીમભાઈ રાઠોડ તથા અજમલ અશરફભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી સોહિલ રાઠોડને શંકા હતી કે સિરાજભાઈને તેની પત્ની સાથે પ્રેમ સંબંધ છે. આ શંકાના આધારે, ફરિયાદી જ્યારે પોતાનું એક્ટિવા લઈને જઈ રહ્યા હતા ત્યારે તમામ આરોપીઓ જાનથી મારી નાખવાના ઈરાદે ખુલ્લી તલવાર તથા લોખંડની પાઈપ જેવા હથિયારો સાથે ધસી આવ્યા હતા.આરોપીઓએ ચાલુ એક્ટિવા પર જ ફરિયાદીના નાક પર તલવારનો ઘા મારતા તેઓ નીચે પડી ગયા હતા. ત્યારબાદ તેમને લોખંડની પાઈપ વડે શરીરે આડેધડ ફટકા મારી ગંભીર મુંઢ ઈજાઓ પહોંચાડી હતી અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન. બી. ભટ્ટ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### આરોપીઓનું રિ-કન્ટ્રકશન કરાયુ

પોલીસે ગુનાની ગંભીરતા સમજીને ગણતરીના કલાકોમાં જ ચારેય શંકાસ્પદ આરોપીઓને ઝડપી પાડી તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા આરોપીઓમાં સોહિલભાઈ ઉર્ફે સચી ઈબ્રાહીમભાઈ રાઠોડ, સલીમભાઈ ઉર્ફે છનો ઈબ્રાહીમભાઈ રાઠોડ, સીરાજભાઈ ઈબ્રાહીમભાઈ રાઠોડ અને અજમલભાઈ ઉર્ફે અજુ અસરફભાઈ રાઠોડનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ મુખ્યત્વે અમરેલીના જૈન દેરાસર અને ચોરાપા વિસ્તારના રહેવાસી છે.આરોપીઓનું પોલીસે ઘટનાસ્થળે લઈ જઈ રિ-કન્ટ્રકશન કર્યુ હતુ.

# વડિયામાં સદગુરૂ નગર વિસ્તારમાં દીપડાએ દેખા દેતા ભયનો માહોલ



વડીયા,તા.૨૨

વડીયાના બરવાળા બાવળ રોડ પર આવેલા સદગુરુ નગર વિસ્તારમાં રાત્રીના સમયે દીપડો આવી ચડતાં સમગ્ર પંથકમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે. આ વિસ્તારની ઝૂંપડપટ્ટી નજીક રખડતા શ્વાનનો શિકાર કરવા આવેલો દીપડો સાવ નજીક દેખાતાં સ્થાનિક રહીશોમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, લોકોની અવરજવર અને હોબાળો થતાં દીપડો આઈટીઆઈ તરફ પલાયન થઈ ગયો હતો, જેથી મોટી જાનહાની ટળી હતી. આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટોના અભાવે ઘોર અંધારપટ છવાયેલો રહે છે, જેને કારણે હિંસક વન્યજીવોનો ખતરો વધ્યો છે. ગ્રામ પંચાયતને અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. સ્થાનિકોએ વન વિભાગને તાત્કાલિક પાંજરૂ મૂકવા અને પંચાયતને સત્વરે લાઈટો ચાલુ કરવા ઉગ્ર માંગ કરી છે.

# બાબરા બસ સ્ટેશનથી અમદાવાદ જવાનું કહી બસમાં બેઠેલો યુવક લાપતા

બાબરા, તા. ૨૨

બાબરા બસ સ્ટેશનથી અમદાવાદ જવાનું કહી બસમાં બેઠેલો યુવક લાપતા બન્યો હતો. આ અંગે ગળકોટડી ગામના મનસુખભાઈ ગોવિંદભાઈ નવાપરીયા (ઉ.વ. ૪૯)એ જાહેર કર્યા મુજબ, તેમનો દીકરો હર્ષભાઈ નવાપરીયા (ઉ.વ. ૨૦) તા. ૨૩/૦૪/૨૬ના રોજ બાબરા બસ સ્ટેશનથી અમદાવાદ જવાનું કહી બસમાં બેઠો હતો, પરંતુ ત્યારબાદ કોઈને કશું જ કહ્યા વિના ક્યાંક ચાલ્યો ગયો હતો.

જેની શોધખોળ કરવા છતાં તે મળી આવ્યો નહોતો. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.જી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયાના જીથુડી ગામે બાવળનું ઝાડ કાપવા બાબતે ઠપકો આપતા ખેડૂત પર હુમલો

### જાનથી મારી નાખવાની ધમકી આપી

વડિયા, તા. ૨૨

વડિયા તાલુકાના જીથુડી ગામેથી મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. ખેતરમાંથી બાવળનું ઝાડ કાપવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બે શખ્સોએ ભેગા મળીને એક ખેડૂતને ઢીકાપાટુનો કાયરતાપૂર્ણ માર માર્યો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી.અમરૂભાઈ બાવભાઈ ડેર (ઉ.વ.૪૯) એ દડુભાઈ ખોડાભાઈ ડેર તથા રોહીતભાઈ ભીખુભાઈ ડેર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના ખેતરમાંથી દડુભાઈ ડેરે બાવળનું ઝાડ કાપી નાંખ્યું હતું. આ બાબતે તેમણે ઠપકો આપતા આરોપીઓને ખોટું લાગ્યું હતું. આરોપીઓએ તેમને તથા સાહેદને જેમ ફાવે તેમ ભૂંડી ગાળો આપી, શરીરે ઢીકાપાટુનો મૂંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૮૩૧ બોટલ ઝડપાઈ

### પોલીસે કુલ રૂપિયા ૧,૩૮,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલામાં કાપેલધાર પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૮૩૧ બોટલ પકડાઈ હતી. અહીંથી શિલ્પેશભાઈ ઉર્ફે શિલ્પો બાલુભાઈ વાળા (ઉ.વ. ૪૪) પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૮૩૧ બોટલ મળી આવી હતી.

પોલીસે કુલ રૂપિયા ૧,૩૮,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બીજી તરફ, અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળોએથી ચાર મહિલાઓ સહિત સાત શખ્સો પાસેથી ૩૧ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.

### ખેડૂતોમાં ડીઝલ મેળવવા માટે ભારે દોડધામ મચી ગઈ છે ત્યારે

# વડિયામાં ડીઝલની તંગીથી થયેલી ભીડને નિયંત્રિત કરવા પોલીસ મેદાને

### કાયદો-વ્યવસ્થા ન બગડે તે માટે પોલીસનો બંદોબસ્ત



વડીયા,તા.૨૧

વડિયા-કુંકાવાવ પંથકમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી પેટ્રોલ અને ડીઝલની ભારે તંગીના કારણે આજે સ્થાનિક પેટ્રોલ પંપો પર ભારે અફરાતફરી અને ટ્રાફિકના દ્રશ્યો સર્જાયા હતા.

ઈંધણ ખૂટી જવાની આશંકા અને ચિંતા વચ્ચે મોટી સંખ્યામાં ખેડૂતો અને વાહનચાલકો પેટ્રોલ પંપ પર ઉમટી પડ્યા હતા, જેને પગલે વાહનોની કિલોમીટરો લાંબી કતારો જોવા મળી હતી. સમગ્ર વડિયા પંથકમાં પેટ્રોલ-ડીઝલની અછતને કારણે લોકોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. ખાસ કરીને ખેતીની સીઝન નજીક હોવાથી, ખેડૂતોમાં ડીઝલ મેળવવા માટે ભારે દોડધામ મચી ગઈ છે.

અચાનક પંપ પર ભીડ વધતા વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. ઘટનાની ગંભીરતાને જોતા વડિયા પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.ડી. ગોહિલ પોતાની ટીમ અને પોલીસ કાફલા સાથે તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. કોઈ અનિચ્છનીય ઘટના કે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે પોલીસે તુરંત મોરચો સંભાળ્યો હતો.

# રાજુલાના અમુલી ગામે પક્ષીપ્રેમીએ ઈજાગ્રસ્ત પક્ષીને વનવિભાગને સોંપ્યુ


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૨

રાજુલા તાલુકાના અમુલી (મોટી ખેરાળી) ગામે રહેતા પક્ષીપ્રેમી કિરીટભાઈ ગઢવીએ પક્ષી પ્રત્યે અનોખો પ્રેમ દર્શાવ્યો છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી પક્ષીઓની નિઃસ્વાર્થ સેવા કરી રહ્યા છે. તાજેતરમાં તેમને ગામ નજીકથી એક કાકડાસર પક્ષી ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યું હતું. કિરીટભાઈએ સમયસૂચકતા વાપરીને આ પક્ષીને તાત્કાલિક ત્યાંથી સુરક્ષિત રીતે ઉઠાવી લીધું હતું. ત્યારબાદ તેમણે તરત જ રાજુલા વન વિભાગના અધિકારીઓનો સંપર્ક સાધ્યો હતો અને પક્ષીને યોગ્ય સારવાર મળી રહે તે માટે વન વિભાગને સુપરત કર્યું હતું. કિરીટભાઈની આ પ્રશંસનીય જીવદયાની કામગીરી અને પક્ષીઓ પ્રત્યેનો તેમનો અજોડ પ્રેમ જોઈને રાજુલા વન વિભાગના અધિકારીઓ દ્વારા તેમની આ કામગીરીને ખૂબ જ બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ આઠમ
તા.૨૩-૦૫-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૬, સૂર્યાસ્ત-૦૭:૦૭, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્રઃ માઘ

## દૈનિક રાશિફળ

તા.૨૩-૦૫-૨૦૨૬ શનિવાર

મેષ:આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઇને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે.

મકર: આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

# સાવરકુંડલાના બગોયા ગામે મજાક-મશ્કરી બાબતે સામસામે ફરિયાદ

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલાના બગોયા ગામે મજાક-મશ્કરી બાબતે થયેલી માથાકૂટ પોલીસ મથક સુધી પહોંચી હતી. બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી. આરીફભાઈ હાસમભાઈ ઝાખરા (ઉ.વ. ૩૫) એ ઈસુભાઈ કાળુભાઈ દલ, મુસ્તાકભાઈ ઈસુભાઈ દલ, બેનીબેન ઈસુભાઈ દલ, શરીફાબેન ઈસુભાઈ દલ, મુસ્તાકભાઈના પત્ની તથા ફારૂકભાઈના પત્ની સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની દીકરી ત્રણેક દિવસ પહેલાં ગામની નદીમાં કપડાં ધોવા તથા નાહવા માટે ગઈ હતી. તે પોતાની બહેનપણી સાથે મજાક-મસ્તી કરતી હતી ત્યારે આરોપી મુસ્તાકભાઈના પત્ની તથા મુસ્તાકભાઈના બહેન શરીફાએ તેમની દીકરી અલવીરા તથા તેની સાથેના મહેનાઝબહેનને ગાળો આપી હતી. ફારૂકભાઈના પત્ની માર મારવા દોડ્યા હતા, જેથી તેઓ ઠપકો આપવા ઈસુભાઈ દલના ઘરે જતાં ઈસુભાઈએ તેમને પકડી રાખ્યા હતા. મુસ્તાકભાઈએ તેમને લાકડી વડે માર માર્યો હતો તેમજ તેમની માતાને ઢીકાપાટુ વડે મૂંઢમાર મારી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ મુસ્તાકભાઈ ઈસુભાઈ દલ (ઉ.વ. ૩૨) એ આરીફભાઈ હાસમભાઈ ઝાખરા, હમીદાબેન હાસમભાઈ ઝાખરા, રીજુબેન આરીફભાઈ ઝાખરા, રફીકભાઈ અહમદભાઈ શેખ તથા રૂકસાનાબેન રફીકભાઈ શેખ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમનાં પત્ની તથા તેમનાં બહેન ત્રણેક દિવસ પહેલાં કપડાં ધોવા માટે ગામની નદીમાં ગયાં હતાં ત્યારે આરોપી આરીફભાઈની દીકરી તથા અન્યએ તેમનાં પત્નીની મશ્કરી કરી હતી અને પાણી ઉડાડ્યું હતું. જેથી આરોપીના પત્ની બંને દીકરીઓ પર ખીજાયાં હતાં.આ બાબતને લઈ તેમણે આરોપી રફીકભાઈને ઠપકો આપ્યો હતો. આ વાતનું મનદુઃખ રાખી તેમનાં પત્ની અને માતા કચરો નાખવા માટે શેરીમાં ઉકરડા પાસે ગયાં ત્યારે માથાકૂટ થઈ હતી. તેમણે આરોપી રફીકભાઈને ફરી વાર ઠપકો આપ્યો હતો, જે બાબતનું મનદુઃખ રાખી તેમને લાકડી વડે હોઠ ઉપર માર મારી ઈજા પહોંચાડી હતી. તેમની માતા તથા બહેનને પણ આરોપીઓએ ઢીકાપાટુ વડે માર મારી ગાળો આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એ. શેલાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાં પરિણીતાએ ફિનાઈલ ગટગટાવ્યું

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદમાં રહેતી એક પરિણીતાને મગજની બીમારીની દવા શરૂ હતી. ડોકટરે દરરોજ લેવાનુ કહ્યું હતું પરંતુ દવા લેવાનું ભુલી જતા માથામાં દુખાવો થવા લાગ્યો હતો. તેમજ કોઈ ભાન ન રહેતા પોતાની મેળે ફિનાઈલની બોટલમાથી એક ઢાંકણુ ફિનાઈલ પી લીધું હતું. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં છૂટાછેડાના કેસની અદાવતમાં વૃધ્ધ પર હુમલો કરાયો

અમરેલી, તા.૨૨

અમરેલી અહીં છૂટાછેડાના કેસની બાબતમાં પૂર્વ વેવાઈ પક્ષના લોકોએ એક વૃધ્ધ પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે મૂળ ધારીના માલસિકા ગામના અને હાલ અમરેલીમાં રહેતા દુર્લભભાઈ સનાભાઈ વાઘેલા (ઉ.વ.૫૨) એ બગસરાના ભલગામના દયાબેન ધીરુભાઈ સોલંકી તથા વિક્રમ ધીરુભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, દુર્લભભાઈના દીકરાના લગ્ન દયાબેન સોલંકી સાથે થયા હતા, જેમના છૂટાછેડા થઈ ગયા છે અને તે અંગેનો કેસ કોર્ટમાં ચાલુ છે. તે વાતનું મનદુઃખ રાખી બંને આરોપીઓ દુર્લભભાઈ જ્યારે ખેતરમાં કામ કરતા હતા ત્યારે ત્યાં આવ્યા હતા. આરોપીઓએ તેમના દીકરાને ગાળો આપી શરીરે ઢીકાપાટુનો મૂંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમયે દુર્લભભાઈ વચ્ચે પડતાં આરોપીઓએ પાછળથી પથ્થરનો એક છૂટો ઘા તેમના માથાના પાછળના ભાગે માર્યો હતો, જેથી તેમને ત્રણ ટાંકા આવ્યા હતા. આ મામલે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખડખડ ગામે સંયુક્ત જમીન વેચવાની પરિવારે ના પાડતા યુવકનો ઝેરી દવા પી આપઘાત

વડિયા, તા. ૨૨

વડિયા તાલુકાના ખડખડ ગામે બેંકનું કરજ ચૂકવવા માટે સંયુક્ત ખાતાની જમીન વેચવાની બાબતે પરિવારના સભ્યોએ ના પાડતા, એક વ્યક્તિએ અનાજમાં નાખવાના ઝેરી ટીકડા ગળી લીધા હતા. આ અંગે ચંદ્રિકાબેન અશ્વિનભાઈ હીરપરા (ઉ.વ. ૪૦)એ પોલીસ સમક્ષ જાહેર કર્યા મુજબ, અશ્વિનભાઈ નાથાભાઈ હીરપરા (ઉ.વ. ૪૫) છેલ્લા ૧૦ વર્ષથી માનસિક રોગની દવા લેતા હતા.

તેમના માથે બેંકનું લેણું વધી ગયું હોવાથી તેઓ દેણું ભરપાઈ કરવા પોતાના પરિવારની સંયુક્ત ખાતાની જમીનનો એક ભાગ વેચવા માંગતા હતા. જોકે, ઘરના અન્ય સભ્યો આ માટે તૈયાર નહોતા અને તેમણે જમીન વેચવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. પરિવારજનોના આ નકારથી તેમને મનમાં ભારે લાગી આવ્યું હતું, જેથી તેમણે અનાજમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લીધા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ. એમ. કાછેલા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# તપતું ભારત, બદલાતું હવામાન

મે મહિનાની ગરમી ભારતમાં હંમેશાં કઠોર રહી છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તાપમાન જે રીતે નવા રેકોર્ડ સર્જી રહ્યું છે તે હવે માત્ર ઋતુપ્રભાવ પૂરતું મર્યાદિત રહ્યું નથી. ૨૨ મે, ૨૦૨૬ના હવામાનના દૃશ્યો સ્પષ્ટ દર્શાવે છે કે ઉત્તર ભારતનો મોટો ભાગ અસહ્ય ગરમીની ઝપેટમાં આવી ગયો છે. ઉત્તર પ્રદેશના બાંદામાં તાપમાન ૪૮ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું છે, જ્યારે દિલ્હી-એનસીઆર અને રાજસ્થાનમાં પણ ૪૫ ડિગ્રીની આસપાસ ગરમી નોંધાઈ રહી છે. લૂના મારો અને તાપમાનની આ ભયંકર સ્થિતિ હવે સામાન્ય ગણાવી શકાય તેવી રહી નથી.આજે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળે છે. લોકો ઘરની બહાર નીકળતા ડરે છે. ખાસ કરીને મજૂર વર્ગ, રિક્ષાચાલકો, રસ્તા પર કામ કરતા કર્મચારીઓ, ખેડૂત અને ગરીબ લોકો માટે આ ગરમી જીવલેણ સાબિત થઈ રહી છે. ગરમી હવે માત્ર અસુવિધા નથી રહી, પરંતુ આરોગ્ય માટે ગંભીર જોખમ બની ગઈ છે. હીટસ્ટ્રોક, ડિહાઈડ્રેશન, બ્લડપ્રેશર અને શ્વાસ સંબંધિત સમસ્યાઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.દિલ્હી, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનની હાલની સ્થિતિ સમગ્ર દેશ માટે ચેતવણી સમાન છે. હવામાન વિભાગ દ્વારા સતત ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરવામાં આવી રહ્યા છે. લોકોને બપોર દરમિયાન બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી રહી છે. છતાં પ્રશ્ન એ છે કે શું માત્ર ચેતવણી આપવાથી સમસ્યાનો ઉકેલ આવી શકે? શહેરોમાં વધતું કાંકરીકરણ, વૃક્ષોની અંધાધૂંધ કાપણી, પાણીના સ્ત્રોતોનો નાશ અને વધતું પ્રદૂષણ ગરમીને વધુ ઘાતક બનાવી રહ્યા છે.એક તરફ ઉત્તર ભારત તીવ્ર ગરમીથી ધગધી રહ્યું છે, તો બીજી તરફ દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદ, વાવાઝોડા અને તોફાની પવનની આગાહી કરવામાં આવી રહી છે. ૮૦થી ૯૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનો અને કરા સાથેનો વરસાદ દર્શાવે છે કે કુદરતી સંતુલન ઝડપથી બદલાઈ રહ્યું છે. ચોમાસા પહેલાની હવામાન ગતિવિધિઓ હવે વધુ અસ્થિર અને તીવ્ર બની ગઈ છે. ક્યાંક અસહ્ય ગરમી તો ક્યાંક અચાનક ભારે વરસાદ આ વિપરીત પરિસ્થિતિઓ હવે નવી સામાન્યતા બની રહી છે.હવામાનમાં આવી રહેલા આ પરિવર્તનો પાછળ વૈશ્વિક ઉષ્ણતામાનનો મોટો ફાળો છે. કાર્બન ઉત્સર્જનમાં સતત વધારાના કારણે પૃથ્વીનું સરેરાશ તાપમાન વધી રહ્યું છે. ભારત જેવા દેશોમાં તેનો પ્રભાવ વધુ ગંભીર રીતે અનુભવાઈ રહ્યો છે, કારણ કે અહીં મોટી વસ્તી હજુ પણ કુદરતી પરિસ્થિતિઓ પર આધારિત છે. ખેતી, પાણી અને આરોગ્ય જેવા ક્ષેત્રો પર ગરમીનો સીધો પ્રભાવ પડી રહ્યો છે.ખાસ કરીને ખેડૂતો માટે હાલની સ્થિતિ ચિંતાજનક બની ગઈ છે. તીવ્ર ગરમીને કારણે પાક સુકાઈ જવાની ભીતિ વધી રહી છે. પશુઓ માટે પાણી અને ચારા જેવી સમસ્યાઓ ઊભી થઈ રહી છે. ગામડાઓમાં વધતી વીજળીની માંગને કારણે લોડશેડિંગ લોકોની મુશ્કેલીમાં વધારો કરી રહ્યું છે. શહેરોમાં એરકન્ડિશનર અને કૂલરની વધતી વપરાશ ઊર્જા પર વધારાનો ભાર મૂકી રહી છે, જે ભવિષ્યમાં ઊર્જા સંકટનું કારણ બની શકે છે.આ પરિસ્થિતિમાં સરકાર, સ્થાનિક તંત્ર અને સામાન્ય નાગરિક ત્રણેયની જવાબદારી વધી જાય છે. સરકારને માત્ર એલર્ટ જાહેર કરવાથી આગળ વધી લાંબા ગાળાની નીતિઓ અમલમાં મૂકવી પડશે. શહેરોમાં હરિયાળી વધારવી, પાણીના સંગ્રહને પ્રોત્સાહન આપવું, હીટ એક્શન પ્લાનને વધુ અસરકારક બનાવવો અને આરોગ્ય સેવાઓને મજબૂત બનાવવી સમયની જરૂરિયાત છે. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા મોટા ચોકોમાં ઠંડા પાણીના કેરબા મૂકીને લોકોને રાહત આપવાનો પ્રયાસ સરાહનીય છે.

# વૈશ્વિક ફલક પર ઉચ્ચ શિક્ષણ: પડકારો, પરિવર્તનો અને ભવિષ્યની દિશા

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આજનો યુગ જ્ઞાન, ટેકનોલોજી અને નવીનતાનો યુગ ગણાય છે. કોઈપણ દેશના વિકાસમાં ઉચ્ચ શિક્ષણની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે. માત્ર ડિગ્રી મેળવવા પૂરતું નહીં, પરંતુ વિચારશક્તિ, સંશોધન ક્ષમતા, કૌશલ્ય વિકાસ અને સર્જનાત્મકતા માટે પણ ઉચ્ચ શિક્ષણ જરૂરી બની ગયું છે. વૈશ્વિક સ્તરે સ્પર્ધા વધી રહી છે ત્યારે દેશને સશક્ત બનાવવા માટે ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ અનિવાર્ય બની ગયું છે. શિક્ષણ હવે માત્ર રોજગાર મેળવવાનું સાધન નથી, પરંતુ તે વ્યક્તિના સર્વાંગી વિકાસ અને રાષ્ટ્રના ભવિષ્યના નિર્માણનું મજબૂત આધારસ્તંભ છે.પરંપરાગત સમયમાં ઉચ્ચ શિક્ષણ મુખ્યત્વે પુસ્તકીય જ્ઞાન અને વર્ગખંડ સુધી મર્યાદિત હતું. વિદ્યાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તકોના અભ્યાસ દ્વારા જ્ઞાન આપવામાં આવતું હતું. પરંતુ સમય બદલાતા શિક્ષણની વ્યાખ્યા અને પધ્ધતિઓમાં પણ મોટા પરિવર્તનો આવ્યા છે. આજે શિક્ષણ વધુ વ્યાપક, લવચીક અને આંતરશાખાકીય બન્યું છે. વિજ્ઞાનનો વિદ્યાર્થી સંગીત, સાહિત્ય અથવા કળા વિષયમાં રસ લઈ શકે છે, જ્યારે વાણિજ્યનો વિદ્યાર્થી ટેકનોલોજી અને ડિજિટલ ક્ષેત્રનો અભ્યાસ કરી શકે છે. આ પ્રકારની સુગમતા આધુનિક શિક્ષણ વ્યવસ્થાની સૌથી મોટી વિશેષતા છે.ડિજિટલ ક્રાંતિએ ઉચ્ચ શિક્ષણની સમગ્ર વ્યવસ્થામાં ઐતિહાસિક પરિવર્તન લાવ્યું છે. ઈન્ટરનેટ અને આધુનિક ટેકનોલોજીના કારણે વિશ્વનું જ્ઞાન હવે દરેક વિદ્યાર્થી સુધી સરળતાથી પહોંચી રહ્યું છે. ઓનલાઈન શિક્ષણ, વર્ચ્યુઅલ ક્લાસરૂમ, ડિજિટલ લાઈબ્રેરી અને ઈ-લર્નિંગ પ્લેટફોર્મ્સે ભણવાની પધ્ધતિને સંપૂર્ણપણે બદલી નાખી છે. હવે વિદ્યાર્થીઓ માટે ભૌગોલિક અંતર અથવા આર્થિક પરિસ્થિતિ શિક્ષણમાં અવરોધરૂપ રહી નથી. વિશ્વની જાણીતી યુનિવર્સિટીઓના અભ્યાસક્રમો હવે ઘર બેઠાં ઉપલબ્ધ બન્યા છે. કોરોનાકાળ દરમિયાન ઓનલાઈન શિક્ષણની ઉપયોગિતા સમગ્ર વિશ્વે અનુભવી હતી. શિક્ષણ સંસ્થાઓએ ડિજિટલ માધ્યમ દ્વારા અભ્યાસ ચાલુ રાખીને વિદ્યાર્થીઓના ભવિષ્યને સુરક્ષિત બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આજના સમયમાં ટેકનોલોજી આધારિત શિક્ષણ માત્ર વિકલ્પ નહીં, પરંતુ આવશ્યકતા બની ગયું છે.શૈક્ષણિક સંસ્થાઓ હવે માત્ર પરીક્ષા અને ગુણ સુધી મર્યાદિત રહી નથી. વિદ્યાર્થીઓમાં વૈચારિક વિશ્લેષણ, સમસ્યા નિવારણ ક્ષમતા, સંવાદ કૌશલ્ય અને નેતૃત્વ ગુણોના વિકાસ પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આધુનિક શિક્ષણ વિદ્યાર્થીઓને માત્ર નોકરી માટે નહીં, પરંતુ જીવન માટે તૈયાર કરે છે.આધુનિક યુગમાં એવી શૈક્ષણિક સંસ્થાઓ વધુ પ્રતિષ્ઠિત



માનવામાં આવે છે, જે માત્ર જ્ઞાન આપતી નથી, પરંતુ નવું જ્ઞાન સર્જે છે. વિશ્વભરની યુનિવર્સિટીઓમાં સંશોધન અને નવીનતા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. નવી ટેકનોલોજી, વૈજ્ઞાનિક શોધો અને સામાજિક વિકાસ માટે સંશોધન અત્યંત મહત્વપૂર્ણ બની ગયું છે. આજે ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેનું જોડાણ પણ મજબૂત બન્યું છે. વિદ્યાર્થીઓ હવે માત્ર સિધ્ધાંત આધારિત અભ્યાસ કરતાં નથી, પરંતુ વાસ્તવિક સમસ્યાઓ પર પ્રોજેક્ટ્સ અને પ્રયોગો પણ કરે છે. આ પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓમાં નવીન વિચારશક્તિ વિકસે છે અને તેઓ રોજગાર માટે વધુ સક્ષમ બને છે. ભારતમાં પણ સ્ટાર્ટઅપ સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ ઈનોવેશન સેન્ટર અને ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરી રહી છે. યુવાનો પોતાના નવા વિચારોને વ્યવસાયમાં પરિવર્તિત કરી શકે તે માટે સરકાર અને ખાનગી ક્ષેત્ર બંને તરફથી પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.ઉચ્ચ શિક્ષણનું ક્ષેત્ર ઝડપથી વિસ્તરી રહ્યું છે, પરંતુ તેની સાથે અનેક પડકારો પણ ઉભા થઈ રહ્યા છે. સૌથી મોટો પડકાર ગુણવત્તા અને સુલભતા વચ્ચેનું સંતુલન જાળવવાનો છે. આજના સમયમાં ગુણવત્તાસભર શિક્ષણ આપતી ઘણી ખાનગી સંસ્થાઓની ફી એટલી વધારે છે કે સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે ત્યાં અભ્યાસ કરવો મુશ્કેલ બની જાય છે. બીજી તરફ, ઘણી સરકારી સંસ્થાઓમાં આધુનિક સુવિધાઓ, પ્રયોગશાળાઓ અને પ્રશિક્ષિત સ્ટાફની અછત જોવા મળે છે. પરિણામે શિક્ષણની ગુણવત્તા પર અસર પડે છે. શિક્ષણને સસ્તું અને સાથે સાથે વૈશ્વિક સ્તરનું બનાવવું એ આજની સૌથી મોટી જરૂરિયાત છે. બીજો મહત્વપૂર્ણ પડકાર રોજગાર ક્ષમતાનો અભાવ છે. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ ડિગ્રી મેળવી બહાર આવે છે, પરંતુ તેમાંથી ઘણા વિદ્યાર્થીઓ ઉદ્યોગોની જરૂરિયાત મુજબની કુશળતા ધરાવતા નથી. શિક્ષણ પ્રણાલી અને બજારની માંગ વચ્ચે મોટો અંતર જોવા મળે છે. ઘણીવાર પરંપરાગત અભ્યાસક્રમોમાં વ્યવહારિક તાલીમ અને આધુનિક કૌશલ્યોનો અભાવ હોય છે. પરિણામે, બેરોજગારી અને અલ્પરોજગારી જેવી સમસ્યાઓ સર્જાય છે. યુવાનોમાં નિરાશા વધે છે અને તેમની શક્તિનો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી. આ સ્થિતિમાં શિક્ષણને વધુ વ્યવહારુ અને કૌશલ્ય આધારિત બનાવવાની જરૂરિયાત સ્પષ્ટ દેખાય છે.શિક્ષણ ક્ષેત્રના આ પડકારોને ધ્યાનમાં રાખીને નવી શિક્ષણ નીતિ દ્વારા અનેક મહત્વપૂર્ણ સુધારાઓ હાથ ધરવામાં આવ્યા છે. નવી નીતિનો મુખ્ય હેતુ શિક્ષણને વધુ લવચીક, વ્યવહારુ અને સર્વગ્રાહી બનાવવાનો છે. કૌશલ્ય આધારિત શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે, જેથી વિદ્યાર્થીઓ માત્ર ડિગ્રીધારક નહીં, પરંતુ કાર્યક્ષમ અને આત્મનિર્ભર બને. બહુવિધ પ્રવેશ અને નિકાસની વ્યવસ્થા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની છે. જો કોઈ વિદ્યાર્થી આર્થિક અથવા સામાજિક કારણોસર અભ્યાસ અધવચ્ચે છોડે, તો પણ તેનું વર્ષ બગડે નહીં અને તેને સર્ટિફિકેટ અથવા ડિપ્લોમા મળી રહે. આ ઉપરાંત, પ્રાદેશિક ભાષાઓમાં ઉચ્ચ શિક્ષણ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસો પણ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે. અત્યાર સુધી અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ હોવાથી ગ્રામ્ય અને પ્રાદેશિક ભાષામાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ પાછળ રહી જતા હતા. હવે ટેકનિકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમો માતૃભાષામાં ઉપલબ્ધ થતાં વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વધુ સરળ અને સુલભ બનશે. પોતાની ભાષામાં વિષયને સમજવાથી મૌલિક વિચારોનો વિકાસ થાય છે અને વિદ્યાર્થીઓ વધુ આત્મવિશ્વાસ સાથે અભ્યાસ કરી શકે છે. ભાષાકીય અવરોધ દૂર થવાથી શિક્ષણનું સાચા અર્થમાં લોકશાહીકરણ શક્ય બનશે. ઉચ્ચ શિક્ષણ એ માત્ર આજીવિકા મેળવવાનું સાધન નથી, પરંતુ ચરિત્ર નિર્માણ, સામાજિક જાગૃતિ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું શક્તિશાળી માધ્યમ છે. બદલાતા સમય સાથે શિક્ષણની પધ્ધતિઓ, અભ્યાસક્રમો અને વિચારસરણીમાં સતત સુધારા લાવવાની જરૂર છે.જ્યારે દરેક યુવાનને ગુણવત્તાયુક્ત, સસ્તું અને કૌશલ્યવર્ધક ઉચ્ચ શિક્ષણ ઉપલબ્ધ થશે, ત્યારે જ દેશનું ભવિષ્ય વધુ મજબૂત બની શકશે. ટેકનોલોજી, સંશોધન અને નવીનતાના સમન્વય દ્વારા શિક્ષણને વધુ અસરકારક બનાવી શકાય છે.ભવિષ્યની પેઢીને વૈશ્વિક નાગરિક બનાવવા માટે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં સતત રોકાણ, સુધારા અને નવી દિશામાં વિચાર કરવાની જરૂર છે. એક પ્રબુધ્ધ, આત્મનિર્ભર અને સશક્ત સમાજના નિર્માણ માટે ઉચ્ચ શિક્ષણ જ સૌથી મોટું સાધન બની શકે છે.

**માનવ સભ્યતાના વિકાસમાં શિક્ષણ હંમેશાં એક આધારસ્તંભ રહ્યું છે, પરંતુ તેમાંય 'ઉચ્ચ શિક્ષણ' વ્યક્તિ અને રાષ્ટ્રના ભાગ્યને બદલવામાં સર્વોચ્ચ ભૂમિકા ભજવે છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ જ્યાં જ્ઞાનનો પાયો નાખે છે, ત્યાં ઉચ્ચ શિક્ષણ તે પાયા પર વૈચારિક સમૃદ્ધિ, સંશોધન અને વ્યાવસાયિક સક્ષમતાની ઇમારત ચણે છે. આજના ઝડપથી બદલાતા વૈશ્વિક યુગમાં ઉચ્ચ શિક્ષણ માત્ર ડિગ્રી મેળવવાનું સાધન નથી રહ્યું, પરંતુ તે માનવ સંસાધનને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવાનું એક સશક્ત માધ્યમ બની ચૂક્યું છે.**

## શબ્દ સંજોગ-૨૨૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ■ | ૪ | ૫ |
| | ■ | ૬ | | | ■ | ૭ | | |
| ૮ | ૯ | | ■ | ૧૦ | ૧૧ | | ■ | |
| ■ | | ■ | ૧૨ | | | ■ | ૧૩ | ■ |
| ૧૪ | | ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | | ■ |
| | ■ | ૧૮ | | ■ | ■ | | ■ | ૧૯ |
| ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | | | ■ | |
| | | ■ | ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | |
| ૨૬ | | | | ■ | ૨૭ | | | ■ |

**આડી ચાવી :**
(૧) રૂઢી, પરંપરા (૩)
(૩) સામાન્ય, ખાસ નહી એવું (૨)
(૪) કાચું, અધુરું (૨)
(૬) એક વનસ્પતિ (૩)
(૭) એક કંદ (૩)
(૮) ગુજરાતી માસની એક તિથિ (૩)
(૧૦)દક્ષિમાં આવેલ ચંદનના જંગલ વાળો પર્વત (૩)
(૧૨) એક કલ્પિત પંખી (૩)
(૧૪) અમતેમ, આગળ પાછળ (૪)
(૧૬) બ્રહ્માના એક માનસપુત્ર (૩)
(૧૮) ગાયભેંસનો મળ, ગોબર (૨)
(૨૦) ધોળાશ પડતું, રૂપાનું (૩)
(૨૨) ફૂટતી મૂછ (૩)
(૨૩) આકાશ (૨)
(૨૪) ગેંડાનું શીંગડું (૩)
(૨૬) જીવાત્મા, અંતઃકરણ (૪)
(૨૭) ચોથા ભાગનું (૧)

**ઉભી ચાવી :**
(૧) સિસોદીયા વંશના રાજા મહારાણા..... (૩)
(૨) શરીરનું એકાદ અંગ રહી જવાનો રોગ (૩)
(૩) જમણી બાજુ હથેલીમાં થોડું પાણી લઈ પી જવું તે (૪)
(૪) પોતીકું, અંગત (૨)
(૫) વેહવાળા, ગોળધાણા (૩)
(૭) નાશ, પ્રલય (૨)
(૯) એક વાદ્ય (૩)
(૧૧) સુંદર સ્ત્રી (૩)
(૧૨) સૂર્યનો સારથી (૩)
(૧૩) રસ, મજા (૨)
(૧૪) આશા....છે (૩)
(૧૫) પાછળનું પાછળ રહી ગયેલુ (૩)
(૧૭) તલપવું, તલસવું તે (૪)
(૧૯) તુટક નહીં તેવું ઠેઠ સુધીનું (૩)
(૨૧) એક ધાતુ (૩)
(૨૨) છાપના ટેકારૂપ મુખ્ય આડુ લાકડું (૨)
(૨૩) જીવ, જીવનતત્વ (૨)
(૨૫) અસ્થિર (૨)

## શબ્દ સંજોગ-૨૨૦૧ જવાબ

**આડી ચાવી :** (૧) અંકાઈ (૩) અંટસ (૬) વે (૭) જન (૮) કુમક (૯) નમન (૧૧) અંકુર (૧૩) અંકુર (૧૪) અંગ (૧૫) અંત (૧૬) જશ (૧૭) અંગી (૧૮) તન (૧૯) અંગીઠી (૨૦) નાટક (૨૨) પાદુકા (૨૫) કરવત (૨૭) અંબ (૨૮) બાળ (૨૯) નર. **ઉભી ચાવી :** (૧) અંકન (૨) ઈજન (૪) ટકુકુર (કુરકુર) (૫) સમર (૧૦) મરૂત (૧૧) અંકુશ (૧૨) અંગ (૧૩) અંજન (૧૪) અંગીઠી (૧૫) અંજના (૧૭) અંગીકાર (૧૮) તક (૧૯) અંદુક (૨૧) ટરબ (બટર) (૨૩) અંતર (૨૪) અંબા (૨૬) વન.

# સૌરાષ્ટ્ર માર્કેટીંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૯૪૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૬૫ |
| જુવાર સફેદ | ૮૫૧ | ૯૯૦ |
| જુવાર લાલ | ૮૩૩ | ૯૭૫ |
| જુવાર પીળી | ૩૬૬ | ૪૩૦ |
| બાજરી | ૨૫૦ | ૪૮૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૬૧૬ |
| ચણા પીળા | ૧૦૮૦ | ૧૧૭૫ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૭૬૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૩૫ |
| મગ | ૧૨૦૦ | ૧૮૮૫ |
| વાલ દેશી | ૬૮૦ | ૯૯૬ |
| ચોળી | ૮૧૧ | ૧૫૬૦ |
| વટાણા | ૫૦૦ | ૯૨૦ |
| કળથી | ૩૨૫ | ૩૭૫ |
| રાજમા | ૪૭૦ | ૧૬૫૧ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૧૯૭૫ |
| મગફળી જાડી | ૧૨૩૦ | ૧૬૫૫ |
| મગફળી જીણી | ૧૨૩૫ | ૧૭૫૫ |
| તલી | ૧૯૮૦ | ૨૩૫૦ |
| એરંડા | ૧૧૪૦ | ૧૩૧૬ |
| અજમો | ૧૪૦૦ | ૨૨૮૦ |
| સુવા | ૧૨૬૦ | ૧૩૮૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૪૫૮ |
| સીંગફાડા | ૧૪૪૦ | ૧૮૯૦ |
| કાળા તલ | ૨૧૪૦ | ૩૪૩૯ |
| લસણ | ૯૩૦ | ૧૫૫૦ |
| ધાણા | ૨૩૦૦ | ૨૫૩૦ |
| ધાણી | ૨૩૫૦ | ૨૫૫૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૪૪૦ | ૩૮૨૫ |
| રાય | ૧૨૮૦ | ૧૬૬૦ |
| મેથી | ૧૧૮૦ | ૧૯૩૦ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૧૮૫૦ |
| અશેરીયો | ૯૨૫ | ૧૧૨૫ |
| કલોંજી | ૨૫૫૦ | ૩૪૩૪ |
| રાયડો | ૧૨૦૦ | ૧૪૧૦ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૬૯૫૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૧૧૪૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૫૬ | ૫૪૭ |
| લીંબુ | ૧૦૧૬ | ૨૦૨૬ |
| સાકરટેટી | ૧૦૭ | ૨૫૭ |
| તરબુચ | ૯૮ | ૨૧૯ |
| પપૈયા | ૯૪ | ૧૮૬ |
| બટેટા | ૧૦૧ | ૨૭૬ |
| ડુંગળી સુકી | ૬૦ | ૩૩૫ |
| ટમેટા | ૩૦૯ | ૫૧૧ |
| સુરણ | ૮૧૪ | ૧૦૧૬ |
| કોથમરી | ૪૧૬ | ૭૦૬ |
| રીંગણા | ૨૦૩ | ૩૧૧ |
| કોબીજ | ૧૦૬ | ૨૦૯ |
| ફ્લાવર | ૨૯૭ | ૭૧૩ |
| ભીંડો | ૩૧૯ | ૬૧૪ |
| ગુવાર | ૩૫૩ | ૮૧૬ |
| ચોળાસીંગ | ૪૯૬ | ૭૦૭ |
| ટીંડોળા | ૪૦૭ | ૭૧૫ |
| દુધી | ૧૪૪ | ૩૧૯ |
| કારેલા | ૨૪૩ | ૪૫૩ |
| સરગવો | ૨૯૬ | ૬૧૧ |
| તુરીયા | ૬૯૮ | ૮૦૪ |
| પરવર | ૫૧૭ | ૭૦૬ |
| કાકડી | ૨૪૪ | ૫૧૭ |
| ગાજર | ૨૬૪ | ૩૮૯ |
| વટાણા | ૧૦૧૬ | ૧૪૨૧ |
| ગલકા | ૨૧૩ | ૫૦૬ |
| બીટ | ૧૪૭ | ૩૬૪ |
| મેથી | ૪૧૭ | ૬૧૯ |
| ડુંગળી લીલી | ૫૯૮ | ૧૦૧૬ |
| આદુ | ૧૪૧૭ | ૧૬૯૮ |
| મરચા લીલા | ૫૨૭ | ૭૪૩ |
| મકાઇ લીલી | ૧૪૪ | ૩૬૭ |
| ગુંદા | ૨૫૩ | ૪૬૧ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| ગોગળી | ૧૨૦૧ | ૧૩૩૧ |
| જણસી | નીચો | ઉંચો |
| કપાસ | ૧૧૦૦ | ૧૯૫૬ |
| ઘઉં લોકવન | ૪૫૬ | ૫૩૪ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૮૬ |
| મગફળી જીણી | ૧૨૫૧ | ૧૭૬૧ |
| સિંગદાણા જાડા | ૧૬૫૧ | ૧૯૦૧ |
| સિંગ ફાડીયા | ૧૫૦૧ | ૧૮૭૧ |
| એરંડા / એરંડી | ૧૦૧૬ | ૧૩૦૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૦૧૧ |
| ક્લંજી | ૧૨૫૧ | ૩૩૬૧ |
| ધાણા | ૧૬૦૧ | ૨૫૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૨૩૦૧ | ૭૮૦૧ |
| લસણ સુકું | ૬૪૧ | ૧૩૯૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૩૧૬ |
| અડદ | ૯૦૦ | ૧૬૩૧ |
| તુવેર | ૯૪૧ | ૧૫૯૧ |
| રાયડો | ૧૩૪૧ | ૧૩૬૧ |
| રાય | ૧૩૮૧ | ૧૫૯૧ |
| મરચા | ૧૮૦૧ | ૬૪૦૧ |
| મગફળી જાડી | ૧૧૬૧ | ૧૭૪૧ |
| મગફળી નવી | ૧૨૦૧ | ૧૭૭૧ |
| મગફળી ૬૬ | ૧૧૭૧ | ૧૩૦૧ |
| તલ - તલી | ૧૭૫૧ | ૨૪૫૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૬૩૧ |
| ડુંગળી સફેદ | ૧૪૮ | ૨૩૬ |
| ચણા | ૯૫૧ | ૧૧૬૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૬૦૧ |
| ગોગળી | ૧૦૧૧ | ૧૩૩૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૩૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૬૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૬૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૬૦ | ૬૦૦ |
| ગલકા | ૧૬૦ | ૫૦૦ |
| ગાજર | ૨૪૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૨૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૮ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| ચૂર્ણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૪૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૨૦૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૫ |
| ચોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૪૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૮૪૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ફણશી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૫ | ૧૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| ગીરનાર શિંગ | ૧૩૩૦ | ૧૩૩૦ |
| શિંગ મોટી | ૧૨૧૦ | ૧૪૮૫ |
| શિંગદાણા | ૧૯૧૦ | ૧૯૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૮૯૫ |
| તલ સફેદ | ૧૨૪૦ | ૨૪૭૦ |
| તલ કાળા | ૨૧૭૦ | ૩૫૮૫ |
| તલ કાશમીરી | ૨૦૯૦ | ૨૨૯૫ |
| બાજરો | ૪૫૫ | ૪૯૦ |
| જુવાર | ૫૪૦ | ૯૦૦ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૭૦ |
| મકાઈ | ૩૨૦ | ૩૨૦ |
| મગ | ૧૩૦૦ | ૧૭૨૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૩૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૨૫ |
| ચણા દેશી | ૯૦૦ | ૧૦૮૫ |
| સફેદ ચણા | ૧૦૬૦ | ૧૧૫૫ |
| છોલે ચણા | ૧૨૭૫ | ૧૨૭૫ |
| તુવેર | ૮૫૫ | ૧૫૯૦ |
| વાલ | ૧૧૫૫ | ૧૬૦૦ |
| કપાસ | ૯૮૦ | ૧૯૭૦ |
| એરંડા | ૧૦૩૦ | ૧૨૯૦ |
| જીરૂ | ૨૪૦૦ | ૩૪૬૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૧૦ |
| રાય | ૧૪૨૦ | ૧૪૨૦ |
| ધાણા | ૨૦૬૫ | ૨૩૧૫ |
| ધાણી | ૧૯૫૫ | ૨૭૬૦ |
| અજમા | ૨૦૦૦ | ૨૨૦૫ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૫૫ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૫૨૫ |
| વરીયાળી | ૧૦૩૦ | ૨૦૮૦ |
| સુવાદાણા | ૯૦૦ | ૧૩૩૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૮૦ | ૨૭૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૫૦ |
| શકકરીયા | ૫૫૦ | ૬૫૦ |
| ટમેટા | ૬૦૦ | ૬૬૦ |
| સુરણ | ૮૦૦ | ૯૪૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૪૫૦ | ૫૫૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૭૩૦ |
| કાકડી | ૩૦૦ | ૫૨૦ |
| ગુવાર | ૬૫૦ | ૯૩૦ |
| કાચીકેરી | ૬૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૨૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| પાકીકેરી | ૮૦૦ | ૧૮૦૦ |
| ગરમર | ૬૦૦ | ૮૩૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૫૦ |
| ફોદીનો | ૫૩૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૪૯૦ |
| સરગવો | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૩૨૦ |
| લસણ સુકું | ૧૧૫૦ | ૨૦૫૦ |
| પાલક | ૫૫૦ | ૬૫૦ |
| લીંબુ | ૭૦૦ | ૧૫૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૫૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૯૦ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| શીંગ નવી | ૧૨૫૦ | ૧૬૩૫ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૩૬૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૫૦૦ |
| જીરૂ | ૩૦૭૦ | ૩૮૬૬ |
| કપાસ | ૧૬૦૦ | ૧૯૮૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૦૧ |
| બાજરો | ૪૩૦ | ૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૯૪૨ |
| મકાઈ | --- | ૪૪૦ |
| મગ | ૧૫૮૦ | ૧૭૫૦ |
| અડદ | ૧૪૫૦ | ૧૬૪૨ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૫૫ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૫૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૬૮ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૨૦ |
| રાય/રાયડો | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૨૫૦ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૨૦૦ | ૧૩૫૧ |
| ઘઉં | ૪૪૮ | ૪૫૭ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૬૬ |
| તલ સફેદ | ૧૭૦૧ | ૨૦૩૫ |
| તલ કાળા | ૨૮૨૧ | ૨૮૨૧ |
| મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| શીંગ ફાડા | ૧૭૫૦ | ૧૭૫૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| બાજરો | ૩૧૦ | ૩૧૦ |
| સોયાબીન | ૧૨૮૫ | ૧૨૮૫ |

### બગસરા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૪૨ | ૪૫૧ |
| ઘઉં ટુકડા | ૪૪૨ | ૪૬૦ |
| ચણા | ૯૦૫ | ૧૧૨૧ |
| ધાણા | ૧૪૦૦ | ૨૨૫૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૮૨૫ | ૨૨૦૩ |
| મગફળી | ૧૦૪૦ | ૧૪૩૫ |
| જીરૂ | ૧૫૫૦ | ૩૦૦૦ |
| સોયાબીન | ૧૧૩૦ | ૧૧૩૦ |
| શીંગફાડા | ૧૧૫૦ | ૧૮૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૭૦ |
| મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| તલકાળા | ૨૯૯૫ | ૩૨૫૦ |
| લસણ | ૭૨૫ | ૭૨૫ |
| એરંડી | ૮૩૫ | ૧૧૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| રાય | ૧૧૪૫ | ૧૧૪૫ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૨૧ | ૧૯૭૯ |
| કપાસ મીડીયમ | ૧૫૩૫ | ૧૫૯૫ |
| મગફળી | ૧૨૬૦ | ૧૩૮૦ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૮૯૫ | ૩૩૧૫ |
| જીરૂ | ૨૯૩૦ | ૩૮૦૦ |
| ચણા | ૧૦૮૫ | ૧૧૨૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| એરંડા | ૧૦૬૫ | ૧૧૮૫ |
| મગ | ૧૪૩૦ | ૧૬૪૦ |
| તુવેર | ૧૧૪૫ | ૧૪૨૫ |
| ધાણા | ૧૪૯૫ | ૨૪૮૫ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૮૮૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૮૬ |
| જુવાર | ૬૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૩૬૧ | ૩૬૧ |
| મગ | ૮૦૧ | ૧૬૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૨૧ |
| તુવેર | ૭૦૧ | ૧૫૧૧ |
| મગફળી | ૮૦૧ | ૧૪૭૧ |
| શિંગ ફાડા | ૧૩૫૧ | ૧૭૨૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૩૯૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૨૪૬ |
| રાય | ૧૦૬૧ | ૧૦૬૧ |
| મેથી | ૫૦૧ | ૧૨૩૬ |
| જીરૂ | ૨૫૦૧ | ૨૫૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૮૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૫૨૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ઉનાળુ મગડી | ૧૩૦૦ | ૧૭૦૯ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૨૭૬ | ૧૬૧૨ |
| શીંગ ૬૬ | ૧૨૭૬ | ૧૩૭૨ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૧૧૦ | ૧૩૦૧ |
| જુવાર | ૪૨૦ | ૯૭૭ |
| બાજરી | ૩૪૦ | ૪૯૧ |
| ઘઉં ટુકડા | ૩૩૫ | ૫૧૬ |
| મકાઈ | ૩૪૦ | ૪૧૭ |
| અડદ | ૫૦૦ | ૧૫૯૩ |
| મગ | ૮૦૧ | ૧૭૩૪ |
| મેથી | ૫૫૦ | ૧૫૦૭ |
| ચણા | ૫૦૦ | ૧૧૩૯ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૪૪ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૩૫૨ |
| તુવેર | ૧૦૨૦ | ૧૪૩૮ |
| જીરૂ | ૩૩૦ | ૩૭૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૭૨ |
| ડુંગળી સફેદ | ૧૬૧ | ૩૧૬ |
| કપાસ શંકર | ૧૩૨૫ | ૧૭૩૫ |
| નાળીયેર | ૬૦૪ | ૨૩૧૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૦ | ૫૨૦ |
| ઘઉં | ૪૦૫ | ૪૬૪ |
| રાય | ૧૧૨૦ | ૧૪૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૨૫ |
| જુવાર | ૭૫૦ | ૯૯૦ |
| ચોળી | ૮૦૦ | ૧૬૨૨ |
| અડદ | ૧૫૬૦ | ૧૬૪૯ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| સફેદ તલ | ૧૬૦૦ | ૨૨૫૦ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૨૮૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૯૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૫૦૦ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૦૦ | ૧૮૬૧ |
| મગફળી | ૧૧૯૧ | ૧૧૯૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૦૮૫ |
| જુવાર સફેદ | ૭૦૧ | ૮૨૩ |
| તલ સફેદ | ૨૨૨૫ | ૨૨૬૦ |
| તલ કાળા | ૩૧૭૫ | ૩૧૭૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૪૧ |
| જીરૂ | ૩૨૧૦ | ૩૩૦૦ |
| મગ | ૧૬૩૧ | ૧૬૭૧ |
| મેથી | ૯૨૦ | ૧૧૧૨ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૮૮૫ | ૯૩૫ |
| બાજરો | ૩૦૦ | ૩૨૫ |
| ઘઉં | ૩૫૦ | ૪૭૦ |
| મગ | ૧૩૪૦ | ૧૭૮૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળી | ૧૫૨૫ | ૧૬૩૫ |
| વાલ | ૬૦૦ | ૮૫૦ |
| મેથી | ૧૩૧૫ | ૧૭૦૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૯૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૨૩૮૦ |
| તલ | ૧૫૦૦ | ૨૩૮૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૯૫૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૩૯૪ |
| રાઈ | ૧૨૦૦ | ૨૬૦૦ |
| લસણ | ૮૮૦ | ૨૦૮૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૨૦ |
| અજમો | ૧૩૯૦ | ૩૨૮૦ |
| અજમા ની ભૂસી | ૫૦ | ૨૩૦૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૪૦૫ |
| ડુંગળી સૂકી | ૭૦ | ૩૨૫ |
| વટાણા | ૫૦૦ | ૭૮૫ |
| કલોંજી | ૨૨૦૦ | ૩૩૪૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૯૫૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૨૦૨૬ | ૨૩૯૬ |
| તલ કાળા | ૨૩૦૧ | ૩૩૯૩ |
| કપાસ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| બાજરો | ૩૫૦ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૪૮૭ |
| જુવાર | ૪૨૩ | ૧૦૨૦ |
| મગ | ૧૬૩૧ | ૨૨૦૧ |
| અડદ | ૧૨૭૦ | ૧૫૫૦ |
| તુવેર | ૧૨૫૧ | ૧૩૦૧ |
| ચણા | ૮૦૦ | ૧૧૧૧ |
| જીરૂ | ૪૦૧૨ | ૪૦૧૨ |
| ધાણા | ૨૩૦૦ | ૨૩૦૦ |
| મેથી | ૭૦૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૧૩૬૧ | ૧૪૦૦ |
| રાય | ૧૨૦૦ | ૧૪૦૦ |
| રાજગરો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| અજમાં | ૧૩૦૦ | ૧૩૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજયમાં દર આઠ કેદીઓ વચ્ચે માત્ર એક જ જેલ કર્મી

અમદાવાદ,તા.૨૨



નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના તાજેતરના અહેવાલમાં ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ જેલ પ્રશાસનને લઈને કેટલાક મહત્વના ખુલાસા કરવામાં આવ્યા છે. આ રીપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૪માં સમગ્ર દેશમાં પેરોલ મેળવીને ફરાર થઈ જતાં ગુનેગારોમાં ગુજરાત મોખરે રહ્યું છે. દેશભરમાં ફરાર થયેલા કુલ ૩૧૯ કેદીઓમાંથી માત્ર ગુજરાતના જ ૨૦૧ કેદીઓ હતા, જે રાષ્ટ્રીય સ્તરના આશરે ૬૩ ટકા જેટલા થાય છે. જોકે, રાહતની વાત એ છે કે આવા કેદીઓને ફરીથી પકડી લેવામાં પણ ગુજરાત ૭૬ ટકાના ઊંચા દર સાથે દેશમાં ટોચના સ્થાને રહ્યું છે. રિપોર્ટમાં ગુજરાતની જેલોની ક્ષમતા અને સુરક્ષા વ્યવસ્થા પર પણ ગંભીર પ્રકાશ પાડવામાં આવ્યો છે. રાજ્યની જેલોમાં ૧૪૧૦૮ કેદીઓની ક્ષમતા સામે ૧૭૭૬૬ કેદીઓ બંધ છે, એટલે કે જેલો પોતાની ક્ષમતા કરતાં ૨૫.૯ ટકા વધુ ભરાયેલી છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૧૦.૮ ટકા કરતાં ઘણી વધારે છે. આ ભરચક જેલો પાછળનું એક મુખ્ય કારણ સ્ટાફની ભારે અછત પણ છે. જેલ વિભાગમાં મંજૂર થયેલી ૪૬૦૮ જગ્યાઓમાંથી ૫૪ ટકા એટલે કે ૨૪૮૦ જગ્યાઓ ખાલી પડી છે, જેના લીધે હાલમાં દર ૮ કેદીઓ વચ્ચે માત્ર એક જ જેલકર્મી ફરજ બજાવી રહ્યો છે. આ ઉપરાંત, ગુજરાતમાં ફાંસીની સજા પામેલા ૪૯ કેદીઓ છે જે દેશમાં બીજા ક્રમે છે અને સજા કાપતા કેદીઓમાંથી ૬૫.૨ ટકા કેદીઓ આજીવન કેદના ગુનેગાર છે.

# ધોરાજીમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા દ્વારા રૂ.૮૦૦ લાખના વિકાસ કાર્યોનું લોકાર્પણ

ધોરાજી,તા.૨૨



ધોરાજી નગરપાલિકા વિસ્તારમાં વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત આજે ટાઉનહોલ ખાતે કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે કરાયું હતું. આ તકે ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા, ભાજપ અગ્રણી વી.ડી.પટેલ, ભાજપના પદાધિકારીઓ, નગરસેવકો અને શહેરના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ચાપાતર, ગણેશપરા તથા સંજયનગર આઉટગ્રોથ વિસ્તારમાં સી.સી. રોડ, પાણીની લાઈન અને સ્ટ્રીટ લાઈટના પૂર્ણ થયેલ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ ગ્રેબ બકેટ મશીન અને જેટીંગ મશીનનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે ડો. માંડવીયાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર લોકહિતના કામો કરવા અને છેવાડાના માનવી સુધી સાર્વજનિક સેવાઓ મળી રહે તેવા અભિગમ સાથે સરકાર કામગીરી કરે છે. આ ઉપરાંત તેમણે પેટ્રોલ-ડીઝલનો બિન જરૂરી વ્યય ન કરવા અનુરોધ કર્યો હતો.

# ગીરગઢડામાં ખેડૂત પર હુમલો કરનાર દીપડો પાંજરે પુરાયો

ઉના,તા.૨૨



ગીર ગઢડા તાલુકાના જૂના ઉગલા ગામની સીમમાંથી વન વિભાગે એક હિંસક દીપડાને પાંજરે પૂર્યો છે. ગત મે ૧૯ના રોજ, ૪૮ વર્ષીય વનિતાબેન કિશોરભાઈ નંદવાણા પોતાની વાડીમાં ખેતીકામ કરી રહ્યા હતા, ત્યારે આ દીપડાએ અચાનક તેમના પર હુમલો કર્યો હતો. આ હુમલામાં મહિલાને કાન અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. વન વિભાગે તાત્કાલિક પગલાં ભરીને સીમ વિસ્તારમાં પાંજરું ગોઠવ્યું હતું, જેમાં આખરે બે દિવસ બાદ દીપડો સફળતાપૂર્વક ઝડપાઈ જતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

# રાજુલામાં ભૂગર્ભ ગટર પ્રોજેક્ટમાં નબળી કામગીરી સામે કોંગ્રેસ દ્વારા તપાસની માંગ

રાજુલા,તા.૨૨

**જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**

રાજુલા નગરપાલિકા વિસ્તારમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની (GUDC) દ્વારા ચાલી રહેલા કરોડો રૂપિયાના ભૂગર્ભ ગટર પ્રોજેક્ટમાં નબળી કામગીરી અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સાથે કોંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. અમરેલી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ ટીકુભાઈ વરુએ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી આ સમગ્ર પ્રોજેક્ટની ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે.કોંગ્રેસનો આક્ષેપ છે કે મૂળ કોન્ટ્રાક્ટરે અન્ય પેટા કોન્ટ્રાક્ટરોને કામ સોંપી દેતા પારદર્શિતા અને જવાબદારીનો અભાવ સર્જાયો છે. ટેન્ડર અને એસ્ટીમેટ મુજબ કામ થતું નથી, તેમજ ગટર લાઈન અને ચેમ્બરોની ગુણવત્તા અત્યંત નબળી છે. રોડ ખોદકામ બાદ યોગ્ય સમારકામ ન થતાં અને સુરક્ષાના નિયમોનો ભંગ થતાં સ્થાનિક લોકો અકસ્માતના ભય હેઠળ જીવી રહ્યા છે.

સરકારી નાણાંના દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરતા ટીકુભાઈ વરુએ ચેતવણી આપી છે કે જો તાત્કાલિક તપાસ કરીને દોષિતો સામે કડક પગલાં નહીં લેવાય, તો કોંગ્રેસ આગામી દિવસોમાં જનઆંદોલન કરશે. આ રજૂઆતની નકલ જિલ્લા કલેક્ટર, GUDCના મેનેજિંગ ડિરેક્ટર અને નગરપાલિકાના મુખ્ય અધિકારીને પણ મોકલવામાં આવી છે.

# ગીરગઢડા પંથકમાં સાંગાવાડી નદીમાં મગરને પકડવા પાંજરા ગોઠવાયા

ઉના,તા.૨૨



ગીર ગઢડાના હરમડિયા ગામે સાંગાવાડી નદી કિનારે પિતા સાથે હાથ-પગ ધોવા ગયેલા વિવાન નામના માસૂમ બાળક પર મગરે ઓચિંતો હુમલો કર્યો હતો. મગર બાળકને ઊંડા પાણીમાં ખેંચી ગયો હતો, જ્યાં પાંચ કલાકના ભારે રેસ્ક્યુ ઓપરેશન બાદ વનવિભાગે તેનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. આ હૃદયદ્રાવક ઘટના બાદ જામવાળા વનવિભાગ તાત્કાલિક સક્રિય બન્યું છે. વનવિભાગે નદીના જુદા-જુદા વિસ્તારોમાં પાંજરા ગોઠવી માનવભક્ષી મગરોને પાંજરે પૂરવાની તજવીજ હાથ ધરી છે.

# ગોંડલના મોવિયામાં રાજાશાહી સમયની શાળાના કાટમાળની ઐતિહાસિક હરાજી થઈ

ગોંડલ,તા.૨૨



ગોંડલ તાલુકાના મોવિયા ગામે આજે એક આશ્ચર્યજનક અને ઐતિહાસિક હરાજી જોવા મળી. રાજાશાહી સમયના જર્જરિત શાળાના રૂમોના કાટમાળ માટે યોજાયેલી આ જાહેર હરાજીમાં ધાર્યા કરતા અનેકગણી ઊંચી બોલી બોલાઈ હતી. માત્ર ૪૩ હજાર રૂપિયાથી શરૂ થયેલી હરાજી ૨૮ લાખે પહોંચતા ઉપસ્થિત સૌ કોઈ આશ્ચર્યમાં મુકાયા હતા.ગામની કુમાર તાલુકા શાળા નં. ૧ અને કન્યા પ્રાથમિક શાળા (બુનિયાદી સ્કૂલ)માં રાજાશાહી સમયના ૧૫ જેટલા જર્જરિત રૂમો આવેલા છે. આ રૂમોને પાડીને કાટમાળ હટાવવા માટે આજે સવારે કન્યા શાળાના મેદાનમાં એક જાહેર હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ હરાજી માટે તંત્ર દ્વારા માત્ર રૂ. ૪૩,૯૦૦/- ની અપસેટ પ્રાઈઝ નક્કી કરવામાં આવી હતી અને હરાજીમાં ભાગ લેનાર ઈચ્છુકોએ રૂ. ૫,૦૦૦/- ડિપોઝીટ પેટે જમા કરાવવાના હતા. આશ્ચર્યની વાત એ રહી કે આ કાટમાળની હરાજીમાં ભાગ લેવા માટે ૧૭૫ જેટલા લોકો ઉમટી પડ્યા હતા. ૪૩,૯૦૦/- રૂપિયાથી શરૂ થયેલી બોલીમાં વેપારીઓ વચ્ચે ભારે રસાકસી જામી હતી.

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા ૧૬૦મો 'વિચારોના વાવેતર' કાર્યક્રમ યોજાયો

સુરત,તા.૨૨




શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા ૧૬૦મા 'વિચારોના વાવેતર' કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે સફળતા સાથે સદ્ભાવના ભળે તો જ જીવન સુવાસિત બને છે, અને માણસે હકારાત્મક ભાવ સાથે જીવવું જોઈએ. 'સફળતા સાથે સદ્ભાવના' વિષય પર બોલતા આર.બી.સી. સલુન ફર્નીચરના ફાઉન્ડર પ્રકાશભાઈ કચ્છીએ પરિવાર, કર્મચારીઓ અને ગ્રાહકો પ્રત્યેની સદ્ભાવનાને ધંધાના વિકાસની ચાવી ગણાવી હતી. આ પ્રસંગે કચ્છી પરિવાર દ્વારા દાનની જાહેરાત કરાતા સંસ્થા તરફથી તેમનું દાતા ટ્રસ્ટી તરીકે બહુમાન કરાયું હતું.મોરબીના યુવા સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅનસર ચિંતનભાઈ કોટડીયાએ યુવાધનને ઊંચો ધ્યેય રાખી જોખમ લેવા અને સમસ્યાઓના ઉકેલ લાવવા માટે પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમમાં પ્રો. દિલીપભાઈ વરસાણીએ ગત ગુરૂવારનો વિચાર રજૂ કર્યો હતો, જ્યારે સમગ્ર આયોજનનું સંકલન ભાવેશભાઈ રફાળીયા અને અંકિત સુરાણીએ સંભાળ્યું હતું.

# ઉના પોલીસે ગુમ થયેલી બે બાઈક મૂળ માલિકોને પરત કરી

ઉના,તા.૨૨



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના પોલીસે પેટ્રોલિંગ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે બે ગુમ થયેલી મોટરસાયકલ શોધી કાઢી છે. પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે. મોરી અને તેમની ટીમે બિનવારસી હાલતમાં મળી આવેલા શંકાસ્પદ વાહનોની સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આ બાઈક ભડીયાદરના ભીમભાઈ ગોહિલ અને ઉનાના મયુરભાઈ ચૌહાણની હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને બંને વાહનો તેમના સાચા માલિકોને હેમખેમ પરત સોંપી હતી.

# ધોરાજીમાં કિન્નર સમાજે સમશેર અલીના તકિયા ખાતે ડાડાની દરગાહ પર ચાદર ચઢાવી

ધોરાજી,તા.૨૧



ધોરાજી-ઉપલેટા શહેરના કિન્નર સમાજ દ્વારા ધાર્મિક આસ્થા અને ભાઈચારાનો અનોખો માહોલ સર્જાયો હતો. શહેરના સમશેર અલીના તકિયા ખાતેની ડાડાની દરગાહ પર કિન્નર સમાજ દ્વારા ઢોલ નગારા અને ડીજેના તાલ સાથે ઝૂમીને ભવ્ય રીતે ચાદર ચઢાવી હતી. આ પ્રસંગે કિન્નર સમાજના ધોરાજી ઉપલેટાના અનુદે નૈનાદે તથા તેમના ચેલા, આગેવાનો અને સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. દરગાહ પર અકીદત સાથે ચાદર ચઢાવી સમગ્ર સમાજ અને દેશની સુખ શાંતિ, અમન ચૈન અને ભાઈચારા માટે ખાસ દુઆ માંગવામાં આવી હતી. ત્યારબાદ ન્યાજનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકોએ પ્રસાદ રૂપે ન્યાજ ગ્રહણ કરી ધાર્મિક લાભ લીધો હતો.

# ઉનાના ખાપટ-વડવિયાળા વચ્ચે ફોરેસ્ટ વિભાગમાં આગ લાગી

ઉના,તા.૨૨

ઉના તાલુકાના ખાપટ અને વડવિયાળા વચ્ચે લીલીફુઈના નાળા પાસે આવેલા વન વિભાગના વિસ્તરણ ફોરેસ્ટ વિસ્તારમાં સાંજના સમયે અચાનક આગ લાગી હતી. આ આગને કાબૂમાં લેવા માટે ઉના નગરપાલિકાની ફાયર ટીમ અને સ્થાનિક ગ્રામજનોએ કલાકો સુધી જહેમત ઉઠાવી હતી.આ વિસ્તાર સિંહની અવરજવર માટે જાણીતો છે. અગમ્ય કારણોસર લાગેલી આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.


સંકુલ ગર્લ્સ કોમર્સ બપોર
સંકુલ મિશ્ર કોમર્સ સવાર
સંકુલ EM કોમર્સ સવાર
ધો. ૧૧-૧૨ EM-GM પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી.-Ad077



## :: અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટર્ડ રસીદ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ કેતન પી વૈયાટા, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ બોટાદ સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો ગઢડા તાબાના ઢસા ગામે (૧) રેવેન્યુ સર્વે નં. ૧૪૮ પૈકી, બિન ખેતી રહેણાંક, પ્લોટ નં. ૬૫, પ્લોટ નું માપ ૨૦૯-૦૯ ચો.મી વાળાની માલીકી કબજા ભોગવટાનો પ્લોટ આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી (૧) રજી. વેચાણ અંગેનો દસ્તાવેજ નંબર ૨૭૬/૧૯૮૯, તા. ૧૯/૦૫/૧૯૮૯ મેઘાણી રંભાબેન પરબતભાઈ ના નામનો સબ રજીસ્ટ્રાર કચેરી ગઢડા ખાતે નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની રજીસ્ટર્ડ રસીદ ઢસા ગામ થી ઢસા જંકશન તરફ જતા ક્યાંક ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટર્ડ રસીદ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૩ માં જાણ કરવા અગર પહોંચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબંધ હોય તો તે હકક-હીત સંબંધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન-૩ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષ-કાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૫ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વયકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૨/૦૫/૨૦૨૬
અમરેલી.

કેતન પી વૈયાટા એડવોકેટ,
'જય નાગનાથ'', બ્લોક નં.૪, શેરી નં.૧.
રોયલપાર્ક, લાઠી રોડ અમરેલી
મો. નં.૯૩૭૭૫૭૦૧૧૬



## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૫૧/૨૦૨૬

શ્રી શૈલેષભાઈ ગોવિંદભાઈ વેકરીયા,
રહે. ખાખરા હડમતીયા, તા.ભેંસાણ, જી.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - નવા ખાખરા હડમતીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ
.....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શૈલેષભાઈ ગોવિંદભાઈ વેકરીયા દ્વારા તેઓના પુત્રીશ્રી કાવ્યા શૈલેષભાઈ વેકરીયાનો જન્મ તા.૩૧/૦૫/૨૦૧૨ના રોજ ગામ મોજેઃ નવા ખાખરા હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - નવા ખાખરા હડમતીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૧ મી માહે : મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ



## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૪૯/૨૦૨૬

શ્રી બકુલભાઈ ભીમજીભાઈ જારેરા,
રહે. બામણગઢ, તા.ભેંસાણ, જી.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ
તા.ભેંસાણ, જી-જુનાગઢ
.....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી બકુલભાઈ ભીમજીભાઈ જારેરાનો જન્મ તા.૦૧/૦૩/૧૯૬૩ના રોજ ગામ મોજેઃ બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - બામણગઢ, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૦ મી માહે : મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ



## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૫/૨૬ — તા.૦૭/૦૫/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી અનકભાઈ રામભાઈ માંજરીયા**
**રહે.લુવારીયા, તા.લાઠી જી. અમરેલી**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી સચીન જી. મહેતા**
**રહે.વ્હાઈટ હાઉસ બીજો માળ, બસ સ્ટેશન સામે,**
**અમરેલી, મો.૯૯૭૪૦ ૪૮૪૭૦**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રી શ્રી
મુ.લુવારીયા, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. લુવારીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના માતાનું આઈબેન રામભાઈ માંજરીયાનો મરણ તા.૨૮/૧૦/૧૯૮૫ ના રોજ લુવારીયા, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૦૩/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૫/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# ઓડિશામાં બસ-ઓટો રીક્ષા વચ્ચે અકસ્માતમાં એક જ પરિવારના ૬ લોકોના થયા કરૂણ મોત





ભુવનેશ્વર, તા. ૨૨

ઓડિશાના ગંજમ જિલ્લામાં શુક્રવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક જ પરિવારના ૬ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ ભયાનક અકસ્માત પુરુષોત્તમપુર પોલીસ સ્ટેશન વિસ્તારના લાડકાપલ્લી ચોક પાસે થયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, એક જ પરિવારના ૧૦ સભ્યો ઓટો-રિક્ષામાં સવાર થઈને માં સિંહાસિની મંદિરના દર્શન કરવા જઈ રહ્યા હતા. આ દરમિયાન એક પૂરપાટ ઝડપે આવતી બસના ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને ઓટોને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બસ ઓટો-રિક્ષાને અંદાજે ૧૦૦ મીટર સુધી ઢસડી ગઈ હતી, જેના કારણે ઓટોનો કુરચો બોલી ગયો હતો. સ્થાનિક લોકો અને પોલીસે ઘટનાસ્થળે પહોંચીને બસમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. આ દુર્ઘટનામાં અન્ય ૪ લોકો ગંભીર રીતે ઘાયલ થતાં તેમને વધુ સારવાર માટે બ્રહ્મપુરની એમકેસીજી મેડિકલ કોલેજમાં ખસેડાયા છે. અકસ્માત બાદ બસ ચાલક ફરાર થઈ ગયો છે, જેની શોધખોળ માટે પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

# હોન્ડુરાસમાં બે અલગ-અલગ હુમલામાં ૨૫ લોકોની ગોળી મારી કરાઈ હત્યા



ટેગુસિગાલ્પા, તા. ૨૨

અમેરિકાના પડોશી દેશ હોન્ડુરાસમાંથી એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. દેશના બે અલગ-અલગ વિસ્તારોમાં અંધાધૂંધ ગોળીબાર કરીને હુમલાખોરોએ ૬ પોલીસ અધિકારીઓ સહિત કુલ ૨૫ લોકોની નિર્મમ હત્યા કરી દીધી છે.રાષ્ટ્રીય પોલીસ પ્રવક્તા એડગાર્ડો બારાહોનાના જણાવ્યા અનુસાર, પહેલી ઘટના ઉત્તરી હોન્ડુરાસની ટુજિલો નગરપાલિકાના એક પ્લાન્ટેશન (વાવેતર) વિસ્તારમાં બની હતી. આ સંસાધન સમૃદ્ધ પ્રદેશ દાયકાઓથી કૃષિ સંઘર્ષનું કેન્દ્ર રહ્યો છે, જ્યાં એકસાથે ૧૯ શ્રમિકોને ગોળી મારી દેવામાં આવી હતી. જોકે, સંબંધીઓ મૃતદેહો લઈ ગયા હોવાથી ચોક્કસ આંકડો હજુ સ્પષ્ટ થઈ રહ્યો છે. બીજો હુમલો ગ્વાટેમાલા સરહદ નજીક કોર્ટેસ વિભાગની ઓમોઆ નગરપાલિકામાં થયો હતો. ત્યાં ગેંગ વિરોધી ઓપરેશન પર નીકળેલી પોલીસ ટીમ પર હુમલો કરી, એક વરિષ્ઠ અધિકારી સહિત ૬ પોલીસકર્મીઓની હત્યા કરાઈ હતી. હાલ સુરક્ષા મંત્રાલય, રાષ્ટ્રીય પોલીસ અને સશસ્ત્ર દળોની સંયુક્ત ટીમો ફોરેન્સિક નિષ્ણાતો સાથે ઘટનાસ્થળે તપાસ ચલાવી રહી છે.

# અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખના નામની આજે જાહેરાત

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા પંચાયતના નવા પ્રમુખની વરણી પ્રક્રિયા આજે યોજાવા જઈ રહી છે. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ આ જિલ્લા પંચાયતમાં સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરીને સત્તાનો માર્ગ મોકળો કર્યો છે. સૂત્રો પાસેથી મળતી સત્તાવાર માહિતી અનુસાર પ્રમુખ પદ માટે મહિલા અનામત હોય આ રેસ માટે ભાજપના ત્રણ અગ્રણી મહિલા નેતાઓના નામની પેનલ તૈયાર કરીને પક્ષના મોવડી મંડળ સમક્ષ મોકલવામાં આવી છે. જો કે, આ ત્રણ દાવેદારોમાંથી ભાજપનું મોવડી મંડળ આખરે કોના પર પસંદગીનો કળશ ઢોળે છે તે જાણવા માટે સમગ્ર જિલ્લાના નાગરિકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. આજે શનિવારે બપોરના બાર વાગ્યા સુધીમાં નવા પ્રમુખના નામની સત્તાવાર જાહેરાત થાય તેવી પ્રબળ સંભાવનાઓ સેવાઈ રહી છે.

# પાઠ્યપુસ્તક વિવાદમાં ૩ શિક્ષણવિદો પર નો પ્રતિબંધ સુપ્રીમ કોર્ટે હટાવ્યો



નવી દિલ્હી, તા. ૨૨


એ ન સી ઈ આ ર ટી (NCERT)ના ધોરણ ૮ ના પાઠ્યપુસ્તકમાં ન્યાયતંત્ર પ્રકરણના વિવાદ અંગે સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય લીધો છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જાયમલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ પંચોલીની બેન્ચે ત્રણ શિક્ષણવિદો પ્રોફેસર મિશેલ ડેનિનો, સુપર્ણા દિવાકર અને આલોક પ્રસન્ના કુમાર સામેનો પોતાનો અગાઉનો નકારાત્મક આદેશ પાછો ખેંચી લીધો છે. કોર્ટે તેમને સરકારી શૈક્ષણિક પ્રોજેક્ટ્સમાંથી પ્રતિબંધિત કરવાનો નિર્દેશ પણ રદ કર્યો છે. સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું કે પ્રકરણનો મુસદ્દો તૈયાર કરવામાં કોઈ દૂષિત આશય નહોતો અને તે એક સામૂહિક નિર્ણય હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો શૈક્ષણિક કાર્યોમાં આ શિક્ષણવિદોની સંડોવણી અંગે પોતાના સ્તરે નિર્ણયો લેવા સ્વતંત્ર છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ બાગચીએ નોંધ્યું કે પુસ્તકમાં ન્યાયતંત્રની નકારાત્મક છબી અને ભ્રષ્ટાચાર દર્શાવાયો હતો, પરંતુ તેની સકારાત્મક ભૂમિકાનો ઉલ્લેખ નહોતો.

# સીબીએસઈના ત્રણ ભાષા ફરજિયાત કરવાના નિયમને સુપ્રીમમાં પડકારાયો

નવી દિલ્હી, તા. ૨૨

ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓ માટે સીબીએસઈ (CBSE) ના ત્રણ ભાષા ફરજિયાત કરવાના નવા નિયમને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. આ નીતિ હેઠળ ધોરણ ૯ માં બે વધારાની ભાષાઓ શીખવી ફરજિયાત બનાવાઈ છે, જેની સામે દેશભરના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ વતી એક જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવી છે. શુક્રવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ આ મામલો રજૂ કરતાં વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ દલીલ કરી હતી કે, "વિદ્યાર્થીઓ અચાનક ધોરણ ૯ માં નવી ભાષાઓ કેવી રીતે શીખી શકે અને પછી ધોરણ ૧૦ માં તેની બોર્ડ પરીક્ષા કેવી રીતે આપી શકે? આ નિયમથી મોટો શૈક્ષણિક બોજ વધશે અને અંધાધૂંધી સર્જાશે." ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે આ મામલાની ગંભીરતાને ધ્યાને લઈ, અરજી પર આગામી સપ્તાહે સુનાવણી હાથ ધરવાની મંજૂરી આપી છે.

# શહીદ પરિવારના સન્માન સાથે ધાર સ્થિત ભોજશાળામાં શંખનાદ, આરતી યોજાઈ



ધાર, તા. ૨૨

ધાર સ્થિત ઐતિહાસિક ભોજશાળામાં શુક્રવારે નમાઝ અદા કરવામાં આવી ન હતી, પરંતુ બપોરે શંખનાદ અને મંત્રોચ્ચાર વચ્ચે ભવ્ય મહાઆરતીનું આયોજન કરાયું હતું. આ વિશેષ પ્રસંગે સેંકડો ભક્તોએ ગર્ભગૃહમાં દેવી વાગ્દેવીની પૂજા-અર્ચના કરી હતી. કાર્યક્રમ દરમિયાન વર્ષ ૨૦૦૩ ના ભોજશાળા આંદોલન વખતે પોલીસ ગોળીબારમાં જીવ ગુમાવનારા ત્રણ શહીદોના પરિવારોનું પાદપૂજા કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. બીજી તરફ, ધાર શહેરની અન્ય મસ્જિદોમાં શુક્રવારની નમાઝ શાંતિપૂર્ણ રીતે અદા કરવામાં આવી હતી. ભોજશાળા સંકુલની સુરક્ષા માટે પોલીસ પ્રશાસન સંપૂર્ણ સતર્ક રહ્યું હતું. ધારના એસપી સચિન શર્માએ પોતે ઘોડેસવાર ટીમ સાથે સમગ્ર વિસ્તારમાં પેટ્રોલિંગ કર્યું હતું અને કાયદો-વ્યવસ્થા જાળવવા ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. જ્યોતિ મંદિર પાસે એકઠા થયેલા ભક્તોને વહીવટીતંત્રે સાવચેતીના ભાગરૂપે થોડે દૂર રાખ્યા હતા, અને હાલ સમગ્ર વિસ્તારમાં શાંતિનો માહોલ છે.

# પાક. અને બાંગ્લાદેશ સરહદે ઘૂસણખોરી રોકવા હાઈ-ટેક ટેકનોલોજીનો ઉપયોગ : અમિત શાહ



નવી દિલ્હી, તા. ૨૨

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દેશની સરહદોને સંપૂર્ણપણે 'સ્માર્ટ બોર્ડર' મોડેલ પર વિકસાવવાનો મોટો સંકેત આપ્યો છે. બીએસએફ (BSF) ના સ્થાપક કે.એફ. રુસ્તમજીની સ્મૃતિમાં આયોજિત મેમોરિયલ લેક્ચરમાં બોલતા તેમણે જણાવ્યું કે, ભારત હવે સરહદ સુરક્ષાને સંપૂર્ણપણે ટેકનોલોજી આધારિત બનાવવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ અંતર્ગત પાકિસ્તાન અને બાંગ્લાદેશની સરહદો પર હાઈ-ટેક કેમેરા, રડાર, સેન્સર અને રીઅલ-ટાઈમ મોનિટરિંગ સિસ્ટમ્સ સ્થાપિત કરવામાં આવશે. ગૃહમંત્રીએ ઉમેર્યું કે, આ સ્માર્ટ ફેન્સિંગ પ્રણાલીથી સરહદી ઘૂસણખોરી, ડ્રોન પ્રવૃત્તિઓ, પશુઓની દાણચોરી અને ડ્રગ્સની હેરફેર પર તાત્કાલિક નજર રાખી શકાશે. પશ્ચિમ બંગાળ સરકારે આ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન ફાળવણી પૂર્ણ કરી બીએસએફને સોંપી દીધી છે. બીજી તરફ, નક્સલવાદના મુદ્દે તેમણે સ્પષ્ટ કર્યું કે પાંચ દાયકા જૂની આ સમસ્યા હવે અંતના આરે છે. પાકિસ્તાનને કડક સંદેશ આપતા શાહે કહ્યું કે, "અમે પાકિસ્તાનને ત્રણ વખત યોગ્ય જવાબ આપ્યો છે અને જરૂર પડ્યે તેના ક્ષેત્રમાં ઊંડે સુધી ઘૂસીને કાર્યવાહી કરી છે." હવે બીએસએફ માત્ર ઘૂસણખોરોને પકડવા પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ સ્થાનિક વહીવટીતંત્ર સાથે મળીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને જડમૂળથી નાબૂદ કરશે.

# દિલ્હી હાઈકોર્ટ તરફથી વિનેશ ફોગાટને મોટી રાહત, WFI ને ફટકાર લગાવી



નવી દિલ્હી, તા. ૨૨

દિલ્હી હાઈકોર્ટે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) ને જોરદાર ઠપકો આપતા સ્ટાર રેસલર વિનેશ ફોગાટને મોટી રાહત આપી છે. ડબ્લ્યુએફઆઈએ વિનેશ પર અનુશાસનહીનતા અને નિયમોના ઉલ્લંઘનનો આરોપ લગાવીને સ્થાનિક સ્પર્ધાઓમાં ભાગ લેવા પર જૂન સુધી પ્રતિબંધ મૂક્યો હતો.

ચીફ જસ્ટિસ ડી.કે. ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે આ પ્રતિબંધ સામે નારાજગી વ્યક્ત કરી કેન્દ્ર સરકારને આગામી એશિયન ગેમ્સની પસંદગી ટ્રાયલ્સ માટે વિનેશની ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવા એક નિષ્ણાત પેનલ બનાવવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે, વિવાદ ગમે તે હોય, પરંતુ રમત અને રમતવીરોનું હિત હંમેશા સર્વોપરી હોવું જોઈએ.

# પાકિસ્તાન હોકી ટીમના ખેલાડીઓને પગાર ન મળતાં થયો હોબાળો

નવી દિલ્હી, તા. ૨૨

એફઆઈએચ (FIH) વર્લ્ડ કપ અને પ્રો લીગની તૈયારીઓમાં વ્યસ્ત પાકિસ્તાન હોકી ટીમના ખેલાડીઓની આર્થિક દુર્દશાને કારણે પાકિસ્તાન હોકી ફેડરેશન (PHF) ની પોલ ખુલી ગઈ છે. રાષ્ટ્રીય ટીમના ખેલાડીઓ લાંબા સમયથી બાકી પગાર અને દૈનિક ભથ્થા માટે બોર્ડ સામે કરગરી રહ્યા છે. ફેડરેશને વિદેશ પ્રવાસ માટે રોજિંદા ૧૧૦ યુએસ ડોલર ચૂકવવાનું વચન આપ્યું છે, પરંતુ ખેલાડીઓને જૂની ચૂકવણી પણ હજુ સુધી મળી નથી. વધુમાં, તાલીમ શિબિરનું દૈનિક ભથ્થું ૩,૦૦૦ પાકિસ્તાની રૂપિયાથી ઘટાડીને માત્ર ૧,૦૦૦ રૂપિયા કરી દેવાતા ખેલાડીઓએ તેને પોતાનું અપમાન ગણાવ્યું છે. આગામી મહિને બેલ્જિયમ અને ઈંગ્લેન્ડમાં યોજાનારી પ્રો લીગ મેચો માટે ૨૦ સભ્યોની ટીમ જાહેર કરાઈ છે, પરંતુ હજુ સુધી કેપ્ટનનું નામ જાહેર ન કરાતા ખેલાડીઓમાં ભારે નારાજગી અને આક્રોશ વ્યાપ્યો છે.

# ઓડિશામાં કાલબૈશાખી વાવાઝોડાથી તંબુ ધરાશાયી થતાં ત્રણના કરૂણ મોત નિપજ્યા



ભુવનેશ્વર, તા. ૨૨

ઓડિશાના કેઓંઝર જિલ્લામાં કાલબૈશાખી વાવાઝોડા અને મુશળધાર વરસાદે ભારે તબાહી મચાવી છે. નારાયણપુર વિસ્તારમાં એક સામુદાયિક મિજબાની દરમિયાન વાવાઝોડાના કારણે વિશાળ તંબુ તૂટી પડતાં કાટમાળ નીચે દબાવાથી ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો છે. ભારે પવનના કારણે જિલ્લામાં અનેક વૃક્ષો અને વીજળીના થાંભલા ઉખડી જતાં વાહનવ્યવહાર ઠપ્પ થયો છે અને અનેક વિસ્તારો અંધારામાં ડૂબી ગયા છે. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ આ દુર્ઘટના પર ઊંડું દુઃખ વ્યક્ત કરીને મૃતકોના પરિવારોને મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી પ્રત્યેકને રૂ. ૪ લાખની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે.

# ભારત જેટલી ખરીદવા માંગશે તેટલી ઉર્જા વેચવા અમેરિકા તૈયાર: માર્કો રુબિયો




વોશિંગ્ટન, તા. ૨૨

વૈશ્વિક ઉર્જા સંકટ અને હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ વચ્ચે અમેરિકાએ ભારત સાથેના પોતાના સંબંધો વધુ મજબૂત કરવાના સંકેત આપ્યા છે. યુએસ વિદેશ સચિવ માર્કો રુબિયોએ મિયામીમાં જણાવ્યું છે કે, "અમેરિકા રેકોર્ડ સ્તરે ઉર્જાનું ઉત્પાદન અને નિકાસ કરી રહ્યું છે. ભારત પોતાના ઉર્જા પોર્ટફોલિયોમાં અમેરિકન ઉર્જાને મુખ્ય ભાગ બનાવે તેવું વોશિંગ્ટન ઈચ્છે છે અને ભારત જેટલી ઉર્જા ખરીદવા માંગશે તેટલી વેચવા અમેરિકા તૈયાર છે."

માર્કો રુબિયો ૨૩ થી ૨૬ મે દરમિયાન ભારતની મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ કોલકાતા, આગ્રા, જયપુર અને નવી દિલ્હીની મુલાકાત લેશે તેમજ ઉર્જા, વેપાર અને સંરક્ષણ જેવા ક્ષેત્રો પર ચર્ચા કરશે. ભારતને એક 'મહાન સાથી' ગણાવતા રુબિયોએ ઉમેર્યું કે નવી દિલ્હીમાં ક્વાડ (Quad) દેશોના વિદેશ મંત્રીઓની બેઠક પણ યોજાશે. આ ઉપરાંત, આગામી સપ્તાહે વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ પણ ભારતની મુલાકાત લઈ શકે છે, જેથી ભારત માટે ઉર્જાના નવા વિકલ્પો ખુલશે.

# પાયાના સ્તરે થતા ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવાનો સમય આવી ગયો છે : કોંકરોચ જનતા પાર્ટી




નવી દિલ્હી,તા.૨૨

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત દ્વારા બેરોજગાર યુવાનો પર કરવામાં આવેલી એક ટિપ્પણી બાદ 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)એ સોશિયલ મીડિયા પર તમામ રેકોર્ડ તોડી દીધા છે. આ કથિત પાર્ટીએ ઈન્સ્ટાગ્રામ પર માત્ર બે જ દિવસમાં ભાજપ અને કોંગ્રેસને પણ પાછળ છોડી દીધા છે. બીજી તરફ, ભારતમાં CJPના એક્સ હેન્ડલ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, તેમ છતાં અન્ય દેશોમાં આ હેન્ડલ હજુ પણ સક્રિય છે. આ પ્લેટફોર્મ શરૂ કરનાર અભિજીત દીપકેએ જણાવ્યું છે કે, હવે પોતાનું પ્રથમ વચન પૂરું કરવાનો સમય આવી ગયો છે. તેમણે પત્રકારો અને સામાન્ય જનતાને અપીલ કરી છે કે, સૌથી પહેલા પાયાના સ્તરે થતા ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવો પડશે. તેમણે કહ્યું, 'અમને તમારી સમસ્યાઓ, સૂચનો, દસ્તાવેજો, ફોટા, વીડિયો, સ્થળો, વિભાગોના નામ અને ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા અધિકારીઓના નામ મોકલો.' ઉલ્લેખનીય છે કે, ઈન્સ્ટાગ્રામ પર 'કોકરોચ જનતા પાર્ટી'ના ફોલોઅર્સની સંખ્યા ૧ કરોડ ૯૦ લાખથી પણ વધુ થઈ ગઈ છે, જ્યારે ભાજપના ફોલોઅર્સની સંખ્યા ૧ કરોડથી પણ ઓછી છે.

# ચોમાસામાં વીજ પુરવઠો ખોરવાશે તો અધિકારીઓ દંડાશે : ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાની ચેતવણી

ગાંધીનગર,તા.૨૨

ગુજરાતના ઉર્જા મંત્રી કૌશિક વેકરિયાએ ચોમાસા દરમિયાન રાજ્યમાં વીજ પુરવઠો સતત જળવાઈ રહે તે માટે એક સમીક્ષા બેઠક યોજીને વીજ કંપનીઓને કડક તાકીદ કરી છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે ચોમાસા પહેલાં તમામ ફીડરોનું મેઈન્ટેનન્સ અને રિપેરિંગ કામ પૂર્ણ કરી લેવું પડશે. જો ચોમાસામાં કોઈપણ વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાશે, તો તેની સીધી જવાબદારી જે તે વિસ્તારના વીજ વિભાગના અધિકારીની રહેશે. જો અધિકારીનો ખુલાસો સંતોષકારક નહીં હોય, તો તેમની સામે કડક પગલાં લેવામાં આવશે. મંત્રીશ્રીએ ચોમાસા દરમિયાન જરૂરી તમામ સ્પેરપાર્ટ્સ અને સંસાધનોનો અત્યારથી જ સંગ્રહ કરી લેવા આદેશ આપ્યો છે,



જેથી કટોકટીના સમયે મુશ્કેલી ન પડે. સામાન્ય રીતે ચોમાસામાં વીજળી ગુલ થતાં જનતા બફારા અને અંધારપટને કારણે ત્રાહિમામ પોકારી ઉઠે છે, પરંતુ આ વર્ષે આવી સ્થિતિ ઊભી ન થાય તે માટે સરકાર મક્કમ છે. ઈતિહાસમાં પહેલીવાર અધિકારીઓની આ પ્રકારે સીધી જવાબદારી નક્કી થતાં જ વીજ કંપનીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે અને તંત્ર અત્યારથી જ જડબેસલાક તૈયારીઓમાં લાગી ગયું છે.

# અમરેલી સહિત અનેક જિલ્લાઓમાં હજુ પણ તાપમાન ૪૩ ડિગ્રીને પાર

અમદાવાદ,તા.૨૨

ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે, જેના કારણે મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું છે.

અમદાવાદ ૪૩.૭ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું છે, જ્યારે રાજકોટ, કંડલા અને અમરેલી જેવા વિસ્તારોમાં પણ તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. હવામાન વિભાગની તાજી આગાહી મુજબ આગામી પાંચથી સાત દિવસ દરમિયાન ગરમીની સાથે હવામાં ભેજનું પ્રમાણ વધશે, જેને લીધે લોકોને વેટ હીટ એટલે કે અસહ્ય ઉકળાટનો સામનો કરવો પડશે. સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજ્યના આંતરિક ભાગોમાં



પારો ૪૪થી ૪૫ ડિગ્રી સુધી પહોંચવાની પૂરેપૂરી સંભાવના છે. સુરત જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન ઓછું હોવા છતાં ભારે બફારાને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. આ ભીષણ હીટવેવની સ્થિતિને ધ્યાનમાં રાખીને તબીબો અને હવામાન નિષ્ણાતોએ લોકોને ખાસ કરીને બપોરે ૧૨થી ૪ વાગ્યા દરમિયાન બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવાની તેમજ સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવાની ખાસ સલાહ આપી છે.

# વેરાવળ પંથકમાં મનરેગા યોજનામાં કૌભાંડ, મૃત અને પાકિસ્તાનમાં રહેતા લોકોના નામે જોબ કાર્ડ

વેરાવળ,તા.૨૨

વેરાવળ તાલુકાના ગોવિંદપરા ગામમાં મનરેગા યોજના અંતર્ગત એક ચોંકાવનારું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૬ દરમિયાન ગરીબોને રોજગારી આપવાના હેતુસર શરૂ કરાયેલી આ યોજનામાં મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના આક્ષેપો થયા છે. તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે વર્ષો પહેલાં અવસાન પામેલા સ્થાનિક નાગરિકો તેમજ ભારત છોડીને પાકિસ્તાનમાં સ્થાયી થયેલા લોકોના નામે પણ બોગસ 'જોબ કાર્ડ' બનાવવામાં આવ્યા હતા. આ નકલી દસ્તાવેજોના આધારે મસ્ટર રોલમાં ખોટી હાજરી દર્શાવીને સરકારી ગ્રાન્ટના નાણાં બારોબાર ઉપાડી લેવામાં આવ્યા હતા. આ ગંભીર નાણાકીય અનિયમિતતા બદલ સરકારી ઓડિટ ટીમની તપાસના આધારે તાલુકા વિકાસ અધિકારી ટીલાવતે વેરાવળ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# અમદાવાદ એરપોર્ટ પર રૂા.૨૦ કરોડથી વધુનો ગાંજો ઝડપાયો

અમદાવાદ,તા.૨૨

અમદાવાદ એરપોર્ટ દાણચોરો માટે જાણે સોફ્ટ ટાર્ગેટ બની રહ્યું હોય તેમ ગુનેગારો સતત સક્રિય દેખાય છે. પરંતુ, કસ્ટમ્સ વિભાગની સતર્કતાને કારણે એક પછી એક કન્સાઈન્મેન્ટ ઝડપાઈ રહ્યા છે. તાજેતરમાં જ પકડાયેલા ગાંજા અને રૂ. ૫૦ કરોડના હેરોઈનની શાહી હજુ સૂકાઈ નથી, ત્યાં ૨૦મીની



મધ્યરાત્રિએ થાઈ એરવેઝના એક મુસાફર પાસેથી ૨૦ કિલોથી વધુ ગાંજાનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં એક કિલો ગાંજાની કિંમત અંદાજે એક કરોડ રૂપિયા હોવાથી આ જથ્થાની કિંમત ૨૦ કરોડથી વધુ આંકવામાં આવી છે. દિલ્હીથી બેંગકોક જઈને ગાંજા સાથે અમદાવાદ આવેલા ઉત્તર પ્રદેશના મુસાફર અંગત શ્રીવાસ્તવની કસ્ટમ્સ વિભાગે ધરપકડ કરી છે. આ આરોપીને વધુ તપાસ માટે ડીઆરઆઈને સોંપવામાં આવ્યો છે. આ જથ્થો ક્યાંથી આવ્યો અને કોને આપવાનો હતો તે દિશામાં હવે ઝીણવટભરી તપાસ શરૂ કરાઈ છે.

# અમદાવાદથી બેંગ્લોર જતી ફ્લાઈટમાં સોનાના પાર્સલની ચોરી, ૮ ઝડપાયા

અમદાવાદ,તા.૨૨

અમદાવાદથી બેંગ્લોર જતી આકાશા એરલાઈનની ફ્લાઈટમાંથી રૂપિયા ૨.૫૮ કરોડના સોનાના પાર્સલ ચોરી થવાના મામલે એરપોર્ટ પોલીસે સિક્યુરિટી ઈન્ચાર્જ અને કર્મચારીઓ સહિત કુલ આઠ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી રૂપિયા ૬૯ લાખની રોકડ અને રૂપિયા ૧.૦૮ કરોડની કિંમતનું સોનું જપ્ત કરીને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. ઝોન-૪ ના ડીસીપી અતુલ બંસલે જણાવ્યું હતું કે, આકાશા એરનો સિક્યોરીટી ઈન્ચાર્જ ઝૈદ અંસારી, એરલાઈનનો ક્લિનિંગ ઈન્ચાર્જ રોશન પટેલ અને જૂનાગઢનો સુલતાન સમા આ સમગ્ર ચોરીના માસ્ટરમાઈન્ડ હતા. કાર્ગોમાંથી જ્યારે સાત પાર્સલ લાવવામાં આવ્યા, ત્યારે લોડર જયેશ પરમારે સોનાનું પાર્સલ ખાલી ટ્રોલીમાં મૂકી દીધું હતું અને ત્યારબાદ તે પાર્સલ પેસેન્જર તરીકે મુસાફરી કરી રહેલા સાલેમહમદ અંસારી સુધી પહોંચાડી દેવામાં આવ્યું હતું.

# સોમનાથના દરિયામાં ત્રણ પ્રવાસીઓ ડૂબ્યા : બેનો બચાવ, એકની શોધખોળ

વેરાવળ,તા.૨૨

સોમનાથ ખાતે સમુદ્રમાં ત્રણ પ્રવાસીઓ ડૂબવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. મહારાષ્ટ્રના સોલાપુરથી યાત્રિકોનો એક સંઘ સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવ્યો હતો. પવિત્ર જ્યોર્તિલિંગના દર્શન કર્યા બાદ તેઓ સોમનાથના દરિયા કિનારે ફરવા ગયા હતા. આ દરમિયાન સમુદ્રમાં એકાએક ઊંચાં મોજાં ઉછળતાં ત્રણ યાત્રિકો



ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. દરિયામાં પ્રવાસીઓ ડૂબતાં જ કિનારે હાજર લોકોમાં ભારે ચીસાચીસ અને ગભરાટનો માહોલ ફેલાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક માછીમારો, લાઈફ ગાર્ડ અને પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી. ભારે જહેમત બાદ ટીમે બે યાત્રિકોને સમુદ્રમાંથી સુરક્ષિત અને જીવતા બહાર કાઢી લીધા હતા, જ્યારે એક યાત્રિક હજુ પણ લાપત્તા છે. સ્થાનિક બચાવ ટુકડીઓ દ્વારા ગુમ થયેલી વ્યક્તિને શોધવા માટે દરિયામાં સતત સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

# પડધરીમાં દુષ્કર્મ પીડિત સગીરાના પિતાની હત્યા બાદ ૪ પોલીસ અધિકારી સસપેન્ડ

રાજકોટ,તા.૨૨

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં સગીરા પર દુષ્કર્મના કેસમાં પોલીસની ગંભીર બેદરકારી સામે આવતા રેન્જ આઈજી નિર્લિપ્ત રાયે કડક પગલાં લીધા છે.

વર્ષ ૨૦૨૪માં નોંધાયેલી પોક્સોની ફરિયાદ છતાં, પોલીસ મહેન્દ્રસિંહ અને યશપાલસિંહ જેવા મુખ્ય આરોપીઓને પકડવામાં નિષ્ફળ રહી હતી. આ દરમિયાન માત્ર એક આરોપી અજયસિંહની જ ધરપકડ થઈ હતી. પોલીસની ઢીલી નીતિનો ફાયદો ઉઠાવીને ફરાર આરોપીઓએ ગત ૨૦ મેના રોજ પીડિતાના પિતાની ગાડી સાથે અકસ્માત સર્જી, છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી હતી. આ ઘટનાથી પોલીસની કામગીરી



સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. ફરજમાં ઘોર બેદરકારી દાખવવા બદલ તત્કાલીન પીઆઈ એચ.એન. રાઠોડ, એસ.એન. પરમાર, પીએસઆઈ જે.જે. વાળા અને એએસઆઈ ભગીરથસિંહ જાડેજાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉચ્ચ અધિકારીની આ આકરી કાર્યવાહીથી સમગ્ર પોલીસ બેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# રાજયમાં દારૂ ઘુસાડવામાં રાજકીય નેતા અને પોલીસ વચ્ચે સાંઠગાંઠ : મનસુખ વસાવા

નર્મદા,તા.૨૨

ગુજરાતમાં દારૂબંધીના મોટા દાવાઓ વચ્ચે ભરૂચના ભાજપ સાંસદ મનસુખ વસાવાએ પોતાની જ સરકાર સામે મોરચો માંડ્યો છે. તેમણે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને એક સત્તાવાર પત્ર લખીને નર્મદા જિલ્લામાં ચાલતા ગેરકાયદે દારૂ અને જુગારના અડ્ડાઓનો પર્દાફાશ કર્યો છે. સાંસદે નર્મદા પોલીસ અને સ્થાનિક રાજકીય આગેવાનોની મિલીભગતથી ચાલતા મોટા નેટવર્કનો સીધો આક્ષેપ કર્યો છે. પત્રમાં મહારાષ્ટ્ર સરહદથી નર્મદા જિલ્લામાં ઘુસાડવામાં આવતા વિદેશી દારૂના આખા રૂટની વિગતો આપી છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે આ રૂટ પર આવતા તમામ પોલીસ સ્ટેશનોના પીએસઆઈની આ કાળા કારોબારમાં સીધી સંડોવણી છે, જેમાં આમલેથા પોલીસ સ્ટેશનની ભૂમિકા સૌથી વધુ શંકાસ્પદ છે અને ત્યાંથી દારૂ આગળ ઉમલ્લા, રાજપારડી, કરજણ અને શિનોર સુધી બેરોકટોક પહોંચાડાય છે.

# રાજયમાં ઈંધણનો કરકસરથી ઉપયોગ કરવા સાંસદ રૂપાલાની સલાહ

અમદાવાદ,તા.૨૨

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવના કારણે ગુજરાતના અનેક જિલ્લાઓમાં પેટ્રોલ અને ડીઝલની ભારે અછત સર્જાઈ છે. અનેક પેટ્રોલ પંપો પર 'સ્ટોક નથી' ના બોર્ડ લાગી ગયા છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરસોત્તમ રૂપાલાએ આધાર સેવા કેન્દ્રના લોકાર્પણ દરમિયાન લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે હાલમાં આપણી પાસે ૪૦% જેટલો જથ્થો



ઉપલબ્ધ છે અને રાજ્ય સરકાર સાથે સતત પરામર્શ ચાલી રહ્યો છે. તેમણે નાગરિકોને ખોટું પેનિક ન ફેલાવવા, ઈંધણનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અને સંગ્રહખોરીથી દૂર રહેવા વિનંતી કરી છે.બીજી તરફ, કિસાન સંઘના આર.કે. પટેલે રોષ વ્યક્ત કરતા જણાવ્યું છે કે ખેતીની સિઝન હોવા છતાં ખેડૂતોને ટ્રેક્ટર માટે ડીઝલ મળી રહ્યું નથી. ખેડૂતો કલાકો સુધી લાંબી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. કિસાન સંઘે ખેડૂતો માટે અલગ લાઈન રાખવાની માંગ સાથે આઈપીએલ અને ડાયરાઓ બંધ કરવાની પણ અપીલ કરી છે. બનાસકાંઠાના દાંતા તાલુકામાં સ્થિતિ વધુ વણસી છે, જ્યાં રતનપુરના પેટ્રોલ પંપ પર કિલોમીટર લાંબી કતારો જોવા મળી હતી. પરિસ્થિતિને કાબૂમાં રાખવા પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને સંચાલકોએ માત્ર રૂ. ૨૦૦૦ સુધીના ડીઝલ વિતરણની ટોકન વ્યવસ્થા શરૂ







